સુવિચાર

કોઈને એટલી જ સલાહ આપો જેટલી એ સમજી શકે કેમ કે ડોલ ભરાય પછી પાણીનો બગાડ જ થાય છે...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક



ઉપલેટામાં ૧ લાખથી વધુના વિદેશી દારૂ સાથે બુટલેગર ઝડપાયો P-4

Year-16, Issue-53 ■ DATE : 09-06-2025 MONDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# આરબીઆઇએ વ્યાજ દર ઘટાડતા લોન ધારકોને ફાયદો જ ફાયદો

## બેંકો વચ્ચે ગ્રાહકોને આકર્ષવા સ્પર્ધા જામી: બેંકો દ્વારા હાલ ૫૦ બેઝીક પોઇન્ટની પુરેપુરી ઈફિકટ અપાઈ પણ અનેક સરકારી બેંકોના વ્યાજ દર અગાઉ જ નીચા હતા



**મુખ્ય સમાચાર, મુંબઈ**

રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા વ્યાજદરમાં ઘટાડો કરાતા જ હવે બેંકોએ પણ ગ્રાહકોને વ્યાજદરનો ઘટાડો શરૂ કરી દીધો છે અને જાહેર ક્ષેત્રની બેંકોએ જે વ્યાજદર ઘટાડો કર્યો છે તેના કારણે બેંકના હાલના લોનધારક માટે વધુ લાભ મળે તેવી શકયતા છે.

એક તરફ આરબીઆઈએ છેલ્લી ત્રણ બેઠકમાં કુલ ૧ ટકાનો ઘટાડો કર્યો પરંતુ બેંકો અત્યાર સુધી વ્યાજદરમાં ઘટાડામાં ધીમી ગતિ આગળ વધતી હતી પરંતુ હવે બેંક ઓફ બરોડા અને એચડીએફસી બેંકે અનુક્રમે ૫૦ અને ૧૦ બેઝીક પોઈન્ટનો ઘટાડો કર્યો છે. જેના કારણે બીઓબીના પ્રાઈમ લેન્ડીંગ રેટ કે જેના આધારે અન્ય વ્યાજ નકકી થાય છે તે ૮.૧૫ ટકા થઈ ગયા છે.

જયારે પંજાબ નેશનલ બેંકે પણ તેના વ્યાજદરમાં ૫૦ બેઝીક પોઈન્ટના ઘટાડા સાથે ૮.૩૫ ટકાનો બેઝીક દર રાખ્યો છે. બેંકો સામાન્ય રીતે રીઝર્વ બેંકના જે રેપોરેટ સાથે જોડાયેલા દર હોય છે તેના આધારે પોતાના ધિરાણ દર નકકી કરતી હોય છે.

બેંકીંગ ક્ષેત્રના જણાવ્યા મુજબ જે સ્પર્ધા છે તેના કારણે ઓછા વ્યાજદર તરફ તેના ગ્રાહકો ખેંચાઈ ન જાય તે માટે વર્તમાન લોનધારકોને વધુ લાભ થાય તેવી સ્થિતિ બનાવી રહી છે.

બેંક ઓફ ઈન્ડિયા, બેંક ઓફ મહારાષ્ટ્ર અને સેન્ટ્રલ બેંક જેવી રાષ્ટ્રીયકૃત બેંક પણ રૂા. ૩૦ લાખ સુધીની હોમલોનમાં અત્યાર સુધી ૭.૮૫ ટકાના ધોરણે ધિરાણ ઓફર કરતી હતી અને હવે વ્યાજદર ઘટાડો આવતા તેના દરો ૭.૨૫ ટકા સુધી પહોંચે તો પણ આશ્ચર્ય થશે નહીં.

## મોંઘવારી નકકી કરતા છુટક ફુગાવાને વધુ વાસ્તવિક બનાવાશે: નવા ખર્ચ ઉમેરાશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશમાં વધતી જતી મોંઘવારી અને હવે ફરી એક વખત અચ્છે દિન આવી રહ્યા છે તે વચ્ચે હવે સરકારે છુટક ફુગાવાને બદલતી જતી લોકોની જરૂરીયાત અને ખરીદીના સંદર્ભમાં વધુ વાસ્તવિક બનાવવા નિર્ણય લીધો છે અને આ કવાયત દેશના વધુ શહેરો અને ગ્રામ્ય વિસ્તાર સુધી વિસ્તારાશે. કન્ઝયુમર પ્રાઈઝ ઈન્ડેક્ષ એટલે કે સીપીઆઈ એ સૌથી મોટો આંકડો છે જેને રીઝર્વ બેંક પણ વ્યાજદર નકકી કરવા માટે મહત્વનો માને છે અને આ સીપીઆઈ એ દેશમાં મોંઘવારી માટેનો સેન્સેકસ ગણાય છે.

પરંતુ હવે જે રીતે લોકોનો ખાદ્ય તેમજ કપડા સિવાયનો ખર્ચ પણ વધતો જાય છે અને તે તેની આવક ઉપર અસર કરે છે તેમજ બજારના સેન્ટીમેન્ટ પણ તે આધારે બદલે છે તે વચ્ચે કેન્દ્ર સરકારે હવે કુલ ૨૩૦૦ વિસ્તારોમાંથી છુટક ભાવના જે આંકડા લેવાય છે તેના બદલે તેનો વિસ્તાર કરીને ૨૯૦૦ વિસ્તારો સુધી પહોંચાશે નેશનલ સ્ટેટીકલ ઓફિસ કે જે આ કામગીરી કરે છે તે ૧૧૧૪ શહેરી અને ૧૧૮૧ ગ્રામિણ માર્કેટ કે જે ૩૧૦ પસંદગીના ક્ષેત્રમાં ફેલાયેલી છે. ત્યારથી દર મહિને આંકડા લે છે આ ઉપરાંત દેશના મોટા ૧૨ શહેરો કે જે મેટ્રો સીટીની વ્યાખ્યામાં આવે છે તેમાં પણ આ આંકડા મેળવીને આખરી ફુગાવાની સ્થિતિ નકકી થાય છે. ૨૦૧૧ના વસ્તી ગણતરીના આંકડા મુજબ આ કામગીરી થતી હતી. પરંતુ એ સમય દરમ્યાન છેલ્લા ૧૫ વર્ષમાં અનેક નવા મોટા શહેરો બન્યા છે. લોકોની આવશ્યકતા બદલી છે ઓફલાઈન માર્કેટની સાથે ઓનલાઈન માર્કેટનું પણ ચલણ વધ્યું છે, શિક્ષણના માપદંડ બદલાયા છે, લોકોની પસંદગી બદલાઈ છે અને લોકોની આવકમાંથી એક મોટો હિસ્સો એવા ક્ષેત્રમાં ખર્ચાઈ છે કે જેનો આ આંકડામાં નોંધ લેવાતી નથી.

## ગાઝા તરફ આગળ વધી રહેલી પર્યાવરણ કાર્યકર્તા ગ્રેટા થનબર્ગના જહાજને ઈઝરાયેલે રસ્તાની વચ્ચોવચ રોકી દીધું




**મુખ્ય સમાચાર, તેલઅવીવ**

ગાઝા તરફ આગળ વધી રહેલી પર્યાવરણ કાર્યકર્તા ગ્રેટા થનબર્ગના જહાજને રસ્તાની વચ્ચોવચ રોકી દેવામાં આવ્યું છે. મળતી માહિતી મુજબ, ઈઝરાયલના નૌકાદળે જહાજને રસ્તા વચ્ચે રોકી ગ્રેટા થનબર્ગને ઈઝરાયલ લઈ ગયા છે.

જહાજમાં થનબર્ગ સહિત ૧૨ લોકો સવાર હતા. મેડલીન નામના આ જહાજથી ગાઝામાં માનવીય સહાય પહોંચાડવામાં આવી રહી હતી, જેનું સંચાલન ફ્રીડમ ફ્લોટિલા ગઠબંધન કરી રહ્યું હતું.

મળતી માહિતી મુજબ, મેડલીનના સંચાલકોએ ટેલિગ્રામ દ્વારા જણાવ્યું હતું કે, (ઈઝરાયલ ડિફેન્સ ફોર્સ) સવારે આશરે ૩ વાગ્યે જહાજ પર પહોંચી ગઈ હતી. અહીં હાજર તમામ લોકોએ કથિત રૂપે ધરપકડ કરી લેવામાં આવી છે અને ઈઝરાયલી નૌકાદળે જહાજને અશદોદ પોર્ટ લઈ જઈ રહ્યા છે.

આ પહેલા એ અનુમાન લગાવ્યું હતું કે, જહાજ ઈઝરાયલી વિસ્તારમાં આશરે એક કલાક પહેલાં પહોંચી જશે. ઈઝરાયલની નૌકાદળે કથિત રૂપે મેડલીન સાથે સંપર્ક પણ સાધ્યો હતો અને પોતાનો રસ્તો બદલવાનો નિર્દેશ કર્યો હતો.

ઈઝરાયલના સંરક્ષણ મંત્રીએ પર્યાવરણ કાર્યકર્તા ગ્રેટા થનબર્ગ અને અન્ય કાર્યકર્તાઓને લઈ જઈ રહેલી રાહત સહાયતા જહાજને ગાઝા પટ્ટી સુધી પહોંચતા અટકાવવાની વાત કરી હતી. સંરક્ષણ મંત્રી ઈઝરાયલ કેટ્ઝે રવિવારે (૮ જૂન) કહ્યું હતું કે, ઈઝરાયલ કોઈને પણ પેલેસ્ટાઇન વિસ્તાર પર પોતાના નૌસૈનિકોની નાકાબંધી તોડવાની મંજૂરી નહીં આપે, જેનો હેતુ હમાસના હથિયાર આયાતને રોકવાનો છે.

આ જહાજ ગત રવિવારે સિસિલીથી ગાઝાની સમુદ્ર નાકાબંધી તોડવા અને માનવીય સહાય પહોંચાડવાના મિશન સાથે રવાના થયું હતું. તેનો હેતુ પેલેસ્ટાઇન વિસ્તારમાં વધતા માનવીય સંકટ વિશે દુનિયાને જાગૃત કરવાનો પણ છે. કાર્યકર્તાઓએ કહ્યું હતું કે, તેમની આ યોજના રવિવારે જ ગાઝાના જળવિસ્તારમાં પહોંચવાની છે.

જહાજ પર હાજર અન્ય લોકોમાં યુરોપિયન સાંસદની ફ્રાંસીસી સભ્ય અને મૂળ પેલેસ્ટાઇનની રીમા હસન પણ સામેલ છે. પેલેસ્ટાઇન પ્રતિ ઈઝરાયલની નીતિનો વિરોધ કરવાના કારણે તેમને ઈઝરાયલમાં પ્રવેશ કરવાથી રોકી દેવામાં આવ્યા છે. ગત મહિને પણ ફ્રીડમ ફ્લોરિટાના જહાજે સમુદ્રના રસ્તે ગાઝા પહોંચવાનો અસફળ પ્રયાસ કર્યો હતો.

જોકે, માલ્ટાએ આંતરરાષ્ટ્રીય જળ વિસ્તારમાં પહોંચવા પર સમૂહના એક અન્ય જહાજ પર બે ડ્રોનની મદદથી હુમલો કર્યો, જેના કારણે આ પ્રયાસ પણ નિષ્ફળ રહ્યો. આ સમૂહે આ હુમલા માટે ઈઝરાયલને જવાબદાર ઠેરવ્યો. આ હુમલામાં જહાજનો આગળનો ભાગ તૂટી ગયો હતો.

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ચિનાબ પુલયાત્રાનો કોચ બુલેટપ્રુફ બનાવાયો હતો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હાલમાંજ કાશ્મીરને દેશ સાથે રેલવે મારફત જોડાતા એન્જીનીયરીંગના કમાલ જેવા ચીનાબ રેલવે બ્રીજને ખુલ્લો મુકયો અને ખુદ વંદેભારત ટ્રેનમાં સફર કરી તે સમયે ઓપરેશન સિંદુર બાદની સ્થિતિ જોતા વડાપ્રધાન મોદીની સુરક્ષા માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી હતી.

મોદીએ ચીનાર અને એજી બ્રિજને ખુલ્લો મુકયો હતો. મોદીએ આ બ્રિજનું ઉદઘાટન કરવા સિંગલ કોચની ઈન્સ્પેકસન કારનો ઉપયોગ કરાયો જેમાં વડાપ્રધાને સફર કરી હતી. આ કોચમાં અમેરિકાના પ્રમુખના ખાસ વિમાન એરફોર્સ-વનની માફક જ અત્યંત સુરક્ષીત બનાવાયો હતો.

આ કોચ બુલેટપ્રુફ હતો. મોદીએ



જયારે યુક્રેનની સફર કરી તે સમયે તેઓના માટે આ પ્રકારના કોચનો ઉપયોગ થયો હતો. વડાપ્રધાનના સંદેશાવ્યવહાર માટે આ કોચમાં તમામ સુવિધા રાખવામાં આવી હતી અને તે વિજળી નહી પણ ડિઝલથી ચાલતો હતો.


કોઈપણ સ્થિતિમાં વિજળી ગુલ થાય તો પણ કોલ ચાલતો જ રહે તેથી આ વ્યવસ્થા કરવામાં આવી હતી. આ કોલમાં ૨૫ લોકોને બેસવા માટે જગ્યા હોય છે પણ વડાપ્રધાન સાથે જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી-ઉપરાજયપાલ અને રેલવેના ઉચ્ચ અધિકારીઓ તથા કમાન્ડોજ સફરમાં સામેલ કરાયા હતા.

## ભારતમાં કોરોનાના કેસ વધારો: એક્ટિવ કેસ ૬,૪૯૧ પર પહોંચ્યા

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારતમાં કોરોના વાયરસની સક્રિયતામાં ફરી એકવાર વધારો જોવા મળી રહ્યો છે. કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા સોમવારે સવારે ૧૦ વાગ્યા સુધીમાં જાહેર કરાયેલા તાજા આંકડા અનુસાર, દેશભરમાં કોવિડ-૧૯ના સક્રિય કેસોની સંખ્યા વધીને ૬,૪૯૧ પર પહોંચી ગઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં ૩૫૮ નવા કેસ નોંધાયા છે, જોકે રાહતની વાત એ છે કે આ સમયગાળા દરમિયાન કોઈ પણ કોવિડ દર્દીના મૃત્યુની સત્તાવાર નોંધ નથી.

કોવિડના કેસોના રાજ્યવાર વિશ્લેષણમાં કેરળ હાલમાં સૌથી આગળ છે, જ્યાં ૧,૯૫૭ સક્રિય કેસ છે. ત્યાર બાદ ગુજરાતમાં ૯૮૦, પશ્ચિમ બંગાળમાં ૭૪૭ અને દિલ્હીમાં ૭૨૮ સક્રિય કેસ નોંધાયા છે. એકલા દિલ્હીમાં જ રવિવારથી



સોમવારની વચ્ચે ૪૨ નવા સંક્રમિતો સામે આવ્યા છે. જ્યારે, મહારાષ્ટ્રમાં ૭૭ નવા કેસ સાથે ૬૦૭ સક્રિય કેસ છે.

કેસોના રાજ્યવાર વિશ્લેષણમાં, કેરળ ૧,૯૫૭ સક્રિય કેસ સાથે ટોચ પર છે, જે દર્શાવે છે કે ત્યાં કોરોનાનું સંક્રમણ સૌથી વધુ સક્રિય છે. ત્યાર બાદ ગુજરાત ૯૮૦ સક્રિય કેસ સાથે બીજા સ્થાને છે, જ્યારે પશ્ચિમ બંગાળમાં ૭૪૭ અને દિલ્હીમાં ૭૨૮ સક્રિય કેસ નોંધાયા છે. મહારાષ્ટ્રમાં ૬૦૭ સક્રિય કેસ છે, જ્યારે કર્ણાટકમાં ૪૨૩, ઉત્તર પ્રદેશમાં ૨૨૫ અને તમિલનાડુમાં ૨૧૯ સક્રિય કેસ જોવા મળ્યા છે. આ સિવાય, રાજસ્થાનમાં ૧૨૮ અને હરિયાણામાં ૧૦૦ સક્રિય કેસ છે. અન્ય રાજ્યો જેવા કે બિહાર (૫૦), છત્તીસગઢ (૪૧) અને ગોવા (૯) માં હાલ સ્થિતિ વધુ નિયંત્રણમાં દેખાઈ રહી છે.

સરકારના જણાવ્યા અનુસાર, છેલ્લા ૨૪ કલાકમાં ૬૨૪ દર્દીઓ સાજા થઈને ડિસ્ચાર્જ થયા છે. આ સંખ્યા સક્રિય કેસોની સરખામણીમાં ઓછી છે, જે દર્શાવે છે કે સંક્રમણની ગતિ હજુ સંપૂર્ણપણે નિયંત્રણમાં આવી નથી.

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે વર્તમાન પરિસ્થિતિ પર સતત નજર રાખતા જણાવ્યું છે કે, હાલ ગભરાવાની જરૂર નથી, પરંતુ સાવચેતી અત્યંત જરૂરી છે. ખાસ કરીને વૃદ્ધો, બીમાર વ્યક્તિઓ અને પહેલાથી કોઈ ગંભીર બીમારીથી પીડિત લોકોને માસ્ક અને સોશિયલ ડિસ્ટન્સિંગ જેવી સાવચેતીઓને ફરીથી અપનાવવાની સલાહ આપવામાં આવી છે.

## છત્તીસગઢના સુકમામાં નક્સલીઓ દ્વારા IED બ્લાસ્ટ

### ASP આકાશ રાવ શહીદ, અનેક જવાન ઘાયલ

**મુખ્ય સમાચાર, છત્તીસગઢ**

છત્તીસગઢના સુકમામાં નક્સલીઓએ એક મોટી ઘટનાને અંજામ આપ્યો છે. કોન્ટા નજીક ફુંડીગુડામાં નક્સલીઓએ ઈમ્પ્રુવાઈઝ્ડ એક્સપ્લોઝિવ ડિવાઈસ બ્લાસ્ટ કર્યો છે. તેમણે અધિકારીની કારને ઉડાવી દીધી હતી, જેમાં કોન્ટા આસિસ્ટન્ટ સુપ્રિટેન્ડેન્ટ ઓફ પોલીસઆકાશ રાવ ગિરપુંજે શહીદ થયા છે. જ્યારે અન્ય જવાનો ઘાયલ થયાના અહેવાલ છે.

અહેવાલો અનુસાર, નક્સલીઓએ મંગળવારે (૧૦મી જૂન) બંધનું એલાન આપ્યું હતું. જેને લઈને એએસપી આકાશ રાવ તેમની ટીમ સાથે વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહ્યા હતા. આ દરમિયાન તે કોન્ટા-એરાબોરા રોડ પર નક્સલીઓ દ્વારા લગાવવામાં આવેલા IED બ્લાસ્ટ થયો હતો. જેમાં ASP આકાશ રાવ ગિરપુંજે શહીદ થયા છે અને કેટલાક જવાનો ઘાયલ થયા છે. તેમની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. એએસપી



આકાશ રાવ ગિરીપુંજે રાયપુર અને મહાસમુંદમાં ફરજ બજાવતા હતા. તેમનો પરિવાર રાયપુરમાં જ રહે છે.

ઉલ્લેખનીય છે કે, છત્તીસગઢના બીજાપુર જિલ્લાનું ગાઢ જંગલ, જે એક સમયે નક્સલીઓના ડર અને આતંકનો પર્યાય માનવામાં આવતું હતું, તે હવે સુરક્ષા દળોની વ્યૂહાત્મક સફળતાનું સાક્ષી બની રહ્યું છે. પાંચમી, છઠ્ઠી અને સાતમી જૂન ૨૦૨૫ના રોજ એન્કાઉન્ટરમાં અત્યાર સુધીમાં કુલ સાત નક્સલીઓ ઠાર મરાયા છે. મહત્ત્વની વાત એ છે કે આ માર્યા ગયેલા નક્સલીઓમાં બે ટોચના લીડર સુધાકર અને ભાસ્કરનો પણ સમાવેશ થાય છે.

## ગુજરાત હાઈકોર્ટને બોમ્બથી ઉડાડી દેવાની ધમકી, અજાણ્યા ઈમેલ બાદ પોલીસ તંત્ર દોડતું થયું

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

દેશભરમાં છેલ્લા ઘણા સમયથી અજાણ્યા ઈમેલ દ્વારા કોઈ જાહેર જગ્યાઓને બોમ્બથી ઉડાડી દેવાની ધમકી મોકલી લોકોને ડરાવવાનો પ્રયાસ કરવામાં આવે છે. આવી જ એક ઘટના હવે અમદાવાદમાંથી પણ સામે આવી છે. જેમાં ગુજરાત હાઈકોર્ટને બોમ્બથી ઉડાડી દેવાની ધમકી આપવામાં આવી હતી.

મળતી માહિતી મુજબ, હાઈકોર્ટના ઈમેલ આઈડી પર અજાણી વ્યક્તિએ ઈમેલ કરી બોમ્બથી ઉડાડી દેવાની ધમકી આપી હતી. ઈમેલની જાણ થતાં તાત્કાલિક પોલીસને સંપર્ક કરવામાં આવ્યો હતો. સમગ્ર ઘટનાની જાણ થતાં જ પોલીસની ટીમ હાઈકોર્ટ પહોંચી તપાસ શરુ કરી દીધી છે. પોલીસે હાઈકોર્ટના તમામ દરવાજાઓ બંધ કરી દીધા છે અને ડોગ-સ્ક્વૉડ દ્વારા ચેકિંગ હાથ ધર્યું છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, ઈમેલ મળતાં જ હાઈકોર્ટ વહીવટીતંત્રે અધિકારીઓને ચેતવણી આપી હતી. બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ () અને ડોગ સ્ક્વોડ ટીમો સ્થળ પર દોડી ગઈ હતી અને હાઈકોર્ટ બિલ્ડિંગની અંદર અને તેની આસપાસ સઘન સર્ચ ઓપરેશન શરુ કરવામાં આવ્યું હતું. સાવચેતીના ભાગ રૂપે, પરિસરમાં પ્રવેશતા તમામ વાહનોની તપાસ કરવામાં આવી હતી અને મુલાકાતીઓને અસ્થાયી રૂપે પ્રતિબંધિત કરવામાં આવ્યા હતા. અમદાવાદ પોલીસ અને ગુજરાત ના વરિષ્ઠ અધિકારીઓ કામગીરીનું નિરીક્ષણ કરવા માટે ઘટનાસ્થળે પહોંચ્યા હતા. જોકે, પ્રાથમિક તપાસ દરમિયાન કોઈ શંકાસ્પદ વસ્તુ મળી નહતી, પરંતુ પોલીસે આ ધમકીને ગંભીરતાથી લીધી અને ઈમેલના મૂળને શોધવા માટે સાયબર તપાસ શરુ કરવામાં આવી છે. અમદાવાદ વરિષ્ઠ પોલીસ અધિકારીઓ દ્વારા આ મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

## રાજા રઘુવંશી હત્યામાં સનસનીખેજ ખુલાસો: લાપતા પત્ની જ હત્યારી

**મુખ્ય સમાચાર, ગાઝીપુર**

ઈન્દોરનાં પર્યટક રાજા રઘુવંશીના ચકચારી મોતના કિસ્સામાં ચોંકાવનારો ખુલાસો થયો છે. રાજાની લાશ મળી આવ્યા બાદ તેની પત્નિ સોનમ લાપતા હતી. આ કેસમાં ક્રાઈમ થ્રીલરને ટકકર મારે તેવો ખુલાસો થયો છે કે પત્નિ સોનમે જ પતિની સોપારી આપીને હત્યા કરાવી છે. સોનમ યુપીનાં ગાઝીપુરના ઢાબા પર મળી આવી હતી અને અહીં તે પોલીસને શરણે થઈ હતી. મેઘાલયમાંથી ૧૭ દિવસ પહેલા લાપતા થયેલી સોનમ રઘુવંશી ઉતરપ્રદેશ ગાઝીપુરનાં એક ઢાબા પર મળી આવી હતી. સોનમ હાલ વનસ્ટોપ સેન્ટરમાં છે અને કંઈપણ બોલવાની સ્થિતિમાં નથી.પોલીસ મામલાની તપાસ કરી રહી છે. મેઘાલયનાં ડીજીપી આઈ.નોક્ષામે



જણાવ્યુ હતું કે ઈન્દોરનાં પર્યટક રાજા રઘુવંશીની હત્યા કથિત રીતે મેઘાલયમાં હનીમુન દરમ્યાન તેની પત્નિ દ્વારા ભાડામાં લેવાયેલા લોકોએ કરી હતી. પત્નિ સોનમે જણાવ્યું હતું કે તેણે ઉતરપ્રદેશનાં ગાઝીપુરમાં પોલીસ સામે આત્મ સમર્પણ કર્યું છે. જયારે રાતભર દરોડા દરમ્યાન ત્રણ અન્ય હુમલાખોરોને ઝડપી લેવામાં આવ્યા છે.

## ૧૦ દિવસ ગુજરાતમાં વરસાદની કોઈ સંભાવના નહીં

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ગુજરાતમાં ગરમીનું પ્રમાણ સતત વધી રહ્યું છે અને વરસાદ માટે હજુ રાહ જોવી પડી શકે છે. આગામી ૨૦ જૂન સુધી અમદાવાદમાં વરસાદની સંભાવના નહિવત્? હોવાની હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે.

રવિવારે (આઠમી જૂન) અમદાવાદમાં ૪૦.૪ ડિગ્રી સરેરાશ મહત્તમ તાપમાન નોંધાયું હતું. દિવસ દરમિયાન આકરા તાપથી લોકો ત્રસ્ત થયા હતા. હવામાન વિભાગની આગાહી અનુસાર હજુ આગામી ૧૪મી જૂન સુધી તાપમાન ૪૨ સુધી પહોંચતાં ગરમીનું પ્રમાણ રહેશે. બીજી તરફ હવામાન નિષ્ણાતોને મતે ૧૪ જૂન બાદ અમદાવાદમાં છૂટાછવાયા ઝાપટાં



પડવાની સંભાવના છે. અલબત્ત, ગરમીનું પ્રમાણ પણ યથાવત્? રહેશે.

રાજ્યમાંથી આજે કંડલા ઍરપોર્ટમાં ૪૨, ડીસામાં ૪૦.૦૭ , ગાંધીનગરમાં ૪૦, રાજકોટમાં ૩૯.૫, ભુજમાં ૩૮.૬, વડોદરામાં ૩૭.૪, ભાવનગરમાં ૩૭.૨ , સુરતમાં ૩૫.૨ ડિગ્રી સરેરાશ મહત્તમ તાપમાન નોંધાયું હતું.

# જામનગર શહેર-જિલ્લાને રૂ.૪૩૦ કરોડથી વધુના વિવિધ વિકાસલક્ષી પ્રકલ્પોની ભેટ આપતા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ

## જામનગરમાં બે શહેરી સામૂહિક આરોગ્ય કેન્દ્રો, સભાગૃહ, ફ્લાયઓવર, એમ.પી.શાહ મેડિકલ કોલેજ ખાતે ૨ બોયઝ હોસ્ટેલ, ગવર્મેન્ટ ડેન્ટલ કોલેજનું અપગ્રેડેશન અને બાંધકામ સહિતની સુવિધાઓનો થશે ઉમેરો



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર, રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને જામનગર શહેરના એમ.પી.શાહ ટાઉનહોલ ખાતે ''શહેરી વિકાસ વર્ષ ૨૦૦૫'' ના ૨૦ વર્ષની પૂર્ણતાના અવસરે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જામનગર શહેર તથા ગ્રામીણ વિસ્તારોના રૂ. ૪૩૦ કરોડ ૫૦ લાખના ખર્ચે વિવિધ ૩૦ વિકાસલક્ષી પ્રકલ્પોનું લોકાર્પણ-ખાતમહૂર્ત કરતાં મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, ઓપરેશન સિંદુરની સફળતા બદલ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને અભિનંદનનો સંદેશો સૌ પ્રથમ જામનગરના રાજવી શત્રુશલ્યસિંહજીએ પાઠવ્યો હતો. આ બાબતનો મુખ્યમંત્રીશ્રીએ સગૌરવ ઉલ્લેખ કરીને જામનગરવાસીઓની સરાહના કરી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિકાસની રાજનીતિથી નવો અધ્યાય આલેખવાની વડાપ્રધાનની દૂરંદેશિતાને બિરદાવતાં કહ્યું હતું કે, સેવા, સમર્પણ, સુશાસનના સમન્વયથી નાગરિકોની સુવિધા અને સુખાકારી વધે તે માટે વડાપ્રધાનની રાહબરી હેઠળ રાજ્યમાં આયોજનબદ્ધ કામગીરી કરાઈ રહી છે.નગર એટલે નળ, ગટર, રસ્તાની વિભાવનાથી અલગ પડીને નગરોને વિકાસના વાઈબ્રન્ટ કેન્દ્રો બનાવવા રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે, તેવી ખાતરી ઉચ્ચારતાં મુખ્યમંત્રીએ વિકાસના કોઈ પણ કામ માટે જન પ્રતિનિધિને રજૂઆત કરી શકવાની સામાન્ય નાગરિકની તત્પરતાને યોગ્ય પ્રતિસાદ આપવા રાજ્ય સરકારની કટિબદ્ધતા વ્યક્ત કરી હતી.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઉમેર્યું હતું કે, તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા વર્ષ ૨૦૦૫ની શહેરી વિકાસ વર્ષ તરીકે કરાયેલી ઉજવણી બાદ ૨૦૨૫માં શહેરી વિકાસ વર્ષને ૨૦ વર્ષ પૂર્ણ થાય છે ત્યારે શહેરોના વિકાસ માટે સમગ્ર રાજ્યમાં ગાર્ડન, ઓવરબ્રિજ, ડ્રેનેજ નેટવર્ક વગેરે કામગીરીનો રોડમેપ તૈયાર કરી રાજ્યભરમાં તેનું ઝડપી અમલીકરણ કરાઈ રહ્યું છે. આ વર્ષના ગુજરાતના બજેટમાં રૂ.૩૦ હજાર કરોડ શહેરી વિકાસ માટે ફાળવવામાં આવ્યા છે. માત્ર શહેરીજનો નહીં પરંતુ છેવાડાના માનવી સુધી સુખાકારીઓ પહોચાડવાનો પ્રયત્ન ગુજરાત સરકાર કરી રહી છે. વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ જનતાને આપેલા વચનો પૂર્ણ કરતા લોકોનો સરકાર પ્રત્યેનો વિશ્વાસ વધ્યો છે. ભારત દેશ વિશ્વની સૌથી મોટી અર્થવ્યવથામાં ચોથા ક્રમે પહોંચ્યું છે અને નજીકના સમયમાં ત્રીજા ક્રમ પર પહોચવા આગળ વધી રહ્યું છે, તેમ પણ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું.

વડાપ્રધાનએ દેશને આપેલા સંકલ્પો પૈકી તાજેતરમાં જ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. એક પેડ માં કે નામ અભિયાન અંતર્ગત ગુજરાત રાજ્યમાં ૧૭.૫૦ કરોડ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું જે સમગ્ર દેશમાં બીજા ક્રમે છે. ગુજરાત રાજ્ય પ્લાસ્ટિક મુક્ત બને તે થીમ પર ચાલુ વર્ષે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી છે, તેમ મુખ્યમંત્રીએ કહ્યું હતું.શહેરી સ્વચ્છતાનો અભિગમ નાગરિકોએ પોતાના સ્વભાવમાં અપનાવી સ્વચ્છ ભારત અભિયાનમાં સહભાગી થવા જામનગરવાસીઓને મુખ્યમંત્રીશ્રીએ અનુરોધ કર્યો હતો. વડાપ્રધાનશ્રીએ દીર્ઘ દ્રષ્ટિ અપનાવી ભવિષ્યમાં પાણીની અછત ન સર્જાય તે માટે સમગ્ર દેશમાં કેચ ધ રેઈન અભિયાન શરૂ કરાવ્યું છે. આ અભિયાન દરેક શેરી, મહોલ્લાઓ સુધી પહોંચે અને વરસાદી પાણીનો વધુમાં વધુ સંગ્રહ થઈ શકે તે પ્રકારે સરકારથી માંડીને જન પ્રતિનિધિઓ કામ કરી રહ્યા છે.વર્ષ ૨૦૪૭ સુધીમાં ભારત દેશ વિકસિત બને તે માટે વોકલ ફોર લોકલ અભિગમ અપનાવવા, યોગથી આયુષ્માન સુધીની સેવાઓ લોકો સુધી પહોંચાડવા તથા સરકારી યોજનાઓના મધ્યમાં છેવાડાના માણસને રાખી તે પ્રકારની સેવાઓ પૂરી પાડવા સરકાર કાર્યરત છે. વિકાસકાર્યોનો લાભ લાંબા ગાળા સુધી લોકોને મળતો રહે તે હેતુથી ઉચ્ચ ગુણવત્તા સાથે સમગ્ર રાજ્યમાં વિકાસ કાર્યો થઈ રહ્યા છે. વર્ષ ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત બનાવવા માટે ગુજરાત અગ્રેસર રહે તે માટે સરકાર કટિબદ્ધ છે.આ પ્રસંગે રાજ્યના કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરાએ જણાવ્યું કે જામનગર જિલ્લો વિકાસની દિશામાં સતત પ્રગતિ કરી રહ્યો છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તાજેતરમાં ભુજ ખાતેથી જામનગર જિલ્લાને અનેક વિકાસ પ્રકલ્પોની ભેટ આપી હતી, અને આજે ફરીથી જામનગરને મળનારા રૂ.૪૩૦ કરોડથી વધુના વિકાસ કામો સમગ્ર જિલ્લાના વિકાસને નોંધપાત્ર ગતિ પ્રદાન કરશે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ, છેલ્લા ૨૦ વર્ષમાં જામનગર જિલ્લાને રૂ.૨૫૦૦ કરોડથી વધુના વિકાસ પ્રકલ્પો મળ્યા છે. ત્યારે આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા લોકાર્પિત થઈ રહેલા શિક્ષણ, આરોગ્ય, પરિવહન, બાંધકામ સહિતના વિકાસ કામો જામનગરને નવી ઊંચાઈએ લઈ જશે અને શહેરીજનોની સુખાકારીમાં વધારો કરશે.આ પ્રસંગે સાંસદ પૂનમબેન માડમે જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા શરૂ કરાયેલ વિકાસ યાત્રાના આજે આપણે સૌ સાક્ષી બન્યા છીએ. તેમણે શહેરોના વિકાસની પડકારજનક સ્થિતિને સ્વીકારી તેમને આધુનિક અને વિકસિત બનાવ્યા છે. આજે 'ડબલ એન્જિન' સરકારના કારણે જામનગરે વિકાસની અનેક ઊંચાઈઓ સર કરી છે.વર્ષ ૨૦૧૪ પહેલા શહેરી વિકાસમાં કેન્દ્ર સરકારની ભાગીદારી ખૂબ ઓછી હતી, પરંતુ હવે કેન્દ્ર અને રાજ્ય સરકાર નાગરિકો સુધી પહોંચી છે અને વિકાસ કામોને સરળતાથી મંજૂરી મળી રહી છે, જેનાથી શહેરોની માળખાકીય સુવિધાઓમાં સતત વધારો થઈ રહ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની દૂરંદેશીતાને કારણે જામનગરે ટ્રેડિશનલ મેડિસિન, ઔદ્યોગિક વિકાસ, બ્રાસ અને ઓઇલ નિકાસ સહિતના ક્ષેત્રોમાં વૈશ્વિક સ્તરે પોતાનું નામ અંકિત કર્યું છે. સાંસદએ સૌને વડાપ્રધાનના ''વોકલ ફોર લોકલ'' મંત્રને સાકાર કરવા પણ અનુરોધ કર્યો હતો.

# જામનગર, મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં જિલ્લાની ફરિયાદ સહ સંકલન સમિતિની બેઠક યોજાઇ




**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં યોજાઇ જિલ્લા ફરિયાદ સહ-સંકલન સમિતિની બેઠક.જન પ્રતિનિધિઓની રજૂઆતો સાંભળવા સરકારી અધિકારીઓને મુખ્યમંત્રીની તાકીદ.તમામ સરકારી કચેરીઓમાં સ્વચ્છતા જાળવવા તથા જળસંચય અને વૃક્ષારોપણ કરવાની સૂચના આપતા મુખ્યમંત્રી.જામનગર, મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં જામનગર જિલ્લાની ફરિયાદ સહ સંકલન સમિતિની બેઠક યોજાઇ હતી.રાજ્યભરના તમામ જિલ્લાની ફરિયાદ સહ સંકલન સમિતિમાં ઉપસ્થિત રહેવાની મુખ્યમંત્રીની કાર્યપ્રણાલીની શરૂઆત જામનગરથી થઈ હતી, જે અન્વયે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે જામનગર કલેકટર કચેરી ખાતે ઉપસ્થિત ચૂંટાયેલા જનપ્રતિનિધિઓની રજૂઆત સાંભળવા અને ફોન કોલ્સ અચૂક અટેન્ડ કરવા સરકારી અધિકારીઓને તાકીદ કરી હતી. આ સંદર્ભમાં તેમણે જણાવ્યું હતું કે પ્રશાસન અને પ્રજા વચ્ચેની જોડતી કડી અને સેતુ એટલે પ્રજાએ ચૂટેલા લોક પ્રતિનિધિઓ, તેમના સૂચવેલા કામોનો યોગ્ય પ્રતિસાદ પાઠવવો, એ તમામ અધિકારીઓની નમ્ર ફરજ છે.રાજ્ય સરકારે અમલી બનાવેલી કેચ ધ રેઈન યોજના અંતર્ગત તમામ સરકારી કચેરીમાં વોટર રેઈન હાર્વેસ્ટિંગ અંતર્ગત જળસંગ્રહ કરવા, વૃક્ષારોપણ કરવા તથા સ્વચ્છતા જાળવવા પર મુખ્યમંત્રીએ ખાસ ભાર મૂક્યો હતો. સરકારી કામોમાં ગુણવત્તા જાળવવા મુખ્યમંત્રીએ ઉપસ્થિત તમામ સરકારી વિભાગોના અધિકારીઓને ટકોર કરી હતી. જનતાના કામોને પ્રથમ પ્રાથમિકતા આપવા મુખ્યમંત્રીએ અધિકારીઓને અપીલ કરી હતી અને જામનગર જિલ્લાની વહીવટી કામગીરી પ્રત્યે સંતોષ વ્યક્ત કર્યો હતો.આ બેઠકમાં જામનગર જિલ્લાની વિગતો તથા સંકલન અને ફરિયાદ સમિતિ સમક્ષ રજૂ થયેલા પ્રશ્નો અંગેની ટૂંકી ડોક્યુમેન્ટરી ફિલ્મ મુખ્યમંત્રી સમક્ષ રજુ કરાઈ હતી. કલેકટર કેતન ઠકકરે જણાવ્યું હતું કે જાન્યુઆરીથી મે-૨૦૨૫ દરમિયાન ફરિયાદ સમિતિ સમક્ષ કૂલ ૮૫ પ્રશ્નો રજૂ થયા હતા. જે પૈકી ૭૮ પ્રશ્નોનો હકારાત્મક નિકાલ આવ્યો છે. ડિસેમ્બર ૨૦૨૩ થી જાન્યુઆરી ૨૦૨૫ દરમિયાન મુખ્યમંત્રીની કચેરીના ફોલોઅપથી ફરિયાદ સમિતિ સમક્ષ રજૂ થયેલા ૨૯૯ પૈકીના ૬૪ પ્રશ્નોનો રાજ્ય સરકાર દ્વારા વિધેયાત્મક ઉકેલ લાવવામાં આવ્યો છે. જ્યારે અન્ય તમામ પ્રશ્નોનું સ્થાનિક કક્ષાએથી નિરાકરણ કરવામાં આવ્યું છે.કલેકટરએ ઓપરેશન સિંદુર, ઓપરેશન શીલ્ડ અને ઓપરેશન અભ્યાસ દરમ્યાન જામનગર શહેર તથા જિલ્લામાં વહીવટી તંત્ર દ્વારા યોજાયેલા મોકડ્રીલ, બ્લેક આઉટ, સાયરન તથા સિવિલ ડિફેન્સની તાલીમ વગેરેની કામગીરીથી મુખ્યમંત્રીને અવગત કર્યા હતા.રીસર્વે, લેન્ડ રેકર્ડ, પ્રમોલગેશન અંગેની વાંધા અરજીઓ વગેરેની યુદ્ધના ધોરણે કરાયેલી પેન્ડન્સી નિકાલની કામગીરીની સવિસ્તાર વિગતો કલેક્ટરએ મુખ્યમંત્રીને વર્ણવી હતી. રેશનકાર્ડની કામગીરી, કોરોનાની સંભવિત સ્થિતિને પહોંચી વળવાની વહીવટી તંત્રની સજ્જતા, સરકારી જમીન પરના દબાણો દૂર કરવાની કામગીરી, સુજલામ સુફલામ જળ અભિયાન કેચ ધ રેઈન ૨.૦, મનરેગા, પ્રવાસન, વહીવટી સુધારણા, વગેરેની વિગતોથી મુખ્યમંત્રીને કલેકટર ઠક્કરે માહિતગાર કર્યા હતા. જિલ્લા વિકાસ અધિકારી વિકલ્પ ભારદ્વાજે જિલ્લાભરમાં થઈ રહેલી વિવિધ કામગીરી મુખ્યમંત્રી સમક્ષ રજૂ કરી હતી.આ બેઠકમાં કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરા, જિલ્લા પંચાયત પ્રમુખ મયબેન ગરસર, ધારાસભ્યઓ મેઘજીભાઈ ચાવડા, રિવાબા જાડેજા, દિવ્યેશભાઈ અકબરી, મુખ્ય સચિવ પંકજ જોશી, મુખ્યમંત્રીના સચિવ ડો. વિક્રાંત પાંડે, મ્યુનિસિપલ કમિશનર ડી.એન.મોદી, પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલુ, અધિક નિવાસી કલેક્ટર બી.એન.ખેર તથા સરકારી વિભાગોના અધિકારીઓ અને પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

# લાલપુરના મેઘપર ગામમાંથી દર્દીઓના આરોગ્ય સાથે ચેડાં કરતો બોગસ તબીબ ઝડપાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરની એસ.ઓ.જી શાખાની ટુકડીએ આરોગ્ય વિભાગના સ્ટાફને સાથે રાખીને લાલપુર તાલુકાના મેઘપર ગામમાં દરોડો પાડયો હતો, અને ગરીબ દર્દીઓના આરોગ્ય સાથે ચેડાં કરી રહેલા એક બોગસ તબીબને ઝડપી લીધો છે, અને તેની પાસે કોઈપણ પ્રકારની ડીગ્રી ન હોવાથી તેની સામે ગેરકાયદે મેડિકલ પ્રેક્ટિસ કરવા અંગેની કલમ હેઠળ ગુનો નોંધ્યો છે.આ ફરિયાદના બનાવની વિગત એવી છે કે જામનગરની એસ.ઓ.જી. શાખાને ચોક્કસ બાતમી મળી હતી કે મૂળ પશ્ચિમ બંગાળનો વતની અને હાલ લાલપુર તાલુકાના મેઘપર ગામમાં રહેતો સુકુમાર મનોહર હલદાર કે જે પોતે તબીબી ડિગ્રી ધરાવતો ન હોવા છતાં ગેરકાયદે રીતે ખાનગી દવાખાનું ચલાવીને ગરીબ દર્દીઓના આરોગ્ય સાથે ચેડાં કરી રહ્યો છે. જેથી એસ.ઓ.જી.ની ટુકડીએ આરોગ્ય



વિભાગની ટીમને સાથે રાખીને મેઘપર ગામમાં દરોડો પાડયો હતો.જે દરોડા દરમિયાન સુકુમાર નામનો શખ્સ મેડિકલ પ્રેક્ટિસ કરતાં મળી આવ્યો હતો. જેની પૂછપરછ દરમિયાન તેની પાસેથી કોઈપણ પ્રકારની ડીગ્રી ન હોવાનું જાણવા મળ્યું હતું. જેથી તેના દવાખાનામાંથી જરૂરી દવાઓ સહિતનો જથ્થો કબજે કરી લેવામાં આવ્યો છે, અને તેની સામે મેંઘપર પોલીસ મથકમાં મેડિકલ પ્રેક્ટીશનર્શ એકટ ૧૯૬૩ સહીતની કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

# લાલપુર તાલુકામાં રોગચાળા અંગે ડોર-ટુ-ડોર સર્વે

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના લાલપુર મેલેરિયા, ડેન્ગ્યુ અને પાણીજન્ય રોગચાળાની દષ્ટિએ હાયરિસ્ક એવા લાલપુર ગામમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી જામનગર ડો. નુપુર પ્રસાદની સૂચના અને તાલુકા આરોગ્ય અધિકારી ડો. પી.ડી. પરમારના માર્ગદર્શન હેઠળ તાલુકાના આરોગ્ય કર્મચારીઓ એમપીએજડબલ્યુ એફએચડબલ્યુ સીએચઓ અને એએસએચએની ૩૪ ટીમો બનાવી સર્વેલન્સ હાથ ધરવામાં આવ્યું હતું, જેમાં કુલ ૨૩૦૯ ઘરોમાં ૯૦૩૫ જેટલી વસ્તી આવરી કુલ ૨૩ તાવના કેસોને શોધી સ્થળ પર સારવાર આપવામાં આવી હતી.તદુપરાંત મચ્ચરજન્ય રોગચાળો અટકાવવા ૧૦,૨૩૫ જેટલા પાત્રોમાં



એબેટ નાખી મચ્છરની ઉત્પતિ રોકવા અંગે લોકોને સમજ આપવામાં આવી હતી અને ૨૦૦૦ જેટલી મેલેરિયા, ડેન્ગ્યૂની પત્રિકાનું વિતરણ કરી લોકોમાં આઈઈસી કરેલ સાથે સાથે સો દિવસ ટીબી કામગીરીનું સ્ક્રીનીંગ ટીમો દ્વારા કરવામાં આવ્યું હતું.આ તમામ ટીમોનું સુપરવિઝન અને મોનીટરીંગ આરોગ્ય સુપરવઈઝર જી.પી. મકવાણા, એન.આર. પરમાર, એસ.કે. સોરઠિયા, એમ.એમ. જોગલ અને કે.એમ. બગડા દ્વારા કરવામાં આવ્યું હતું.

તે પછી લાલપુર તાલુકા આરોગ્ય કચેરીમાં દરેક કર્મચારીઓના સર્વેના રિપોર્ટ કલેક્શન કરેલ તેમજ પોરાનાશક કામગીરી માટે એબેટનું દ્રાવણ કેવી રીતે બનાવવું, ક્લોરોસ્કોપ દ્વારા પાણી ચકાસણી કેવી રીતે કરવી તે અંગેનું લાઈવ ડેમોસ્ટ્રેશન અને જરૂરી માર્ગદર્શન અને રિફ્રેશર તાલીમ તાલુકા હેલ્થ ઓફિસર ડો. પી.ડી. પરમાર દ્વારા આપવામાં આવ્યું હતું.

# યુવાનનો આર્થિક ભીસથી કંટાળીને આપઘાત

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં પ્રણામી સ્કૂલ સામે રવિ એપાર્ટમેન્ટમાં રહેતા અને ખાનગી નોકરી કરતા કેતુલ જીતેશભાઈ વારા નામના ૨૮ વર્ષના યુવાને ગઈકાલે પોતાના ઘેર ગળા ફાંસા દ્વારા આત્મહત્યા કરી લઈ પોતાની જીવન લીલા સંકેલી લીધી હતી.આ બનાવ અંગે મૃતકની માતા શિલ્પાબેન જીતેશભાઈ વારાએ પોલીસને જાણ કરતાં સીટી સી. ડિવિઝનના એએસઆઈ ફિરોજભાઈ દલ બનાવના સ્થળે દોડી ગયા હતા અને મૃતદેહનો કબજો સંભાળી પોસ્ટમોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી હતી.મૃતક યુવાન કે જેના પિતાને



પેરાલીસીસ સહિતની બીમારી લાગુ પડી હતી અને લાંબા સમયથી સારવાર ચાલતી હતી. જે સારવારના કારણે પોતે આર્થિક સંકટમાં આવી ગયા હોવાથી આ પગલું ભરી લીધાનું પોલીસમાં જાહેર થયું છે.

# ધ્રોલમાં મહિલા બે વર્ષની પુત્રી સાથે ગુમ


**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જીલ્લાના ધ્રોલ તાલુકા મથકે મજુરી કામ કરતા પરિવારને પરિણીતા પોતાની બે વર્ષીય પુત્રી સાથે સપ્તાહ પૂર્વે ઘર છોડી ક્યાંક ગુમ થઇ ગઈ છે. સ્થાનિક પોલીસે માતા પુત્રી ગુમ થઇ જતા શોધખોળ શરુ કરી છે. બપોરના સમયે કોઈને કહ્યા વગર પરિણીતા પુત્રી સાથે ઘરેથી નીકળી ગઈ હોવાનું જાણવા મળ્યું છે પોલીસે તેણીના મોબાઈલના આધારે સગળ મેળવવા તજવીજ હાથ ધરી છે. સંતાનો સાથે ગુમ થતી મહિલાઓ ઘરેલું અત્યાચાર કે પરિવારની નબળી આર્થિક સ્થિતિને લીધે ઘર છોડતી હોવાના કારણો સામે આવતા હોય છે ત્યારે આ બનાવ પાછળ શું કારણ છે એતો પરિણીતા મળ્યે જ સામે આવશે હાલ તો પોલીસે મહિલા અને તેની પુત્રીને શોધવા ચક્રો ગતિમાન કર્યા છે.ધ્રોલમાં ગાયત્રીનગર વિસ્તારમાં



રહેતા એક દેવીપુજક પરિવારની ૨૨ વર્ષીય પરિણીતા માસુમ પુત્રી સાથે ગુમ થયાની વિગતો પોલીસ દફતરથી જાહેર થઇ છે જેની વિગત મુજબ ગત તા. ૩જીના રોજ બપોરે બે વાગ્યાથી રાતના આઠ વાગ્યા સુધીના કોઈ પણ સમયગાળા દરમિયાન ઘર કામ કરતી પરિણીતા પુજાબેન લક્ષ્મણભાઈ રાઠોડ ઉ.વ.૨૨ તેની બે વર્ષીય પુત્રી નેન્સી સાથે ઘરેથી નીકળી ગઈ છે. પતિ કે ઘરના કોઈ સભ્યને જાણ કર્યા વિના જ પરિણીતા ઘરેથી જતી રહેતા પતિ સહિતના પરિવારના સભ્યોએ આડોસી પાડોશીઓ અને બહારગામ રહેતા સગા સબંધીઓ સુધી તપાસ કરાવી હતી.પરંતુ પરિણીતા અને માસુમ પુત્રીના કોઈ સગળ મળ્યા ન હતા.પરિણીતા ગુમ થઇ ગયાને એક સપ્તાહનો સમય થઇ ગયો હોવા છતાં પતો નહિ મળતા કે તેણીની તેની પુત્રી સાથે પરત નહી ફરતા આખરે પરિવારજનોએ સ્થાનિક પોલીસ દફતરનો સંપર્ક કરી મદદ માંગી માતા-પુત્રી ગુમ થયા અંગેની ગુમ નોંધ લખાવી હતી. પોલીસે ગનાવની ગંભીરતાને ધ્યાને રાખી તેણીના મોબાઈલના આધારે તેની અને તેની માસુમ પુત્રીના સગળ મેળવવા સહિતની આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# સુરતમાં ૨૩ વર્ષીય મોડેલનો માનસિક તણાવમાં આવી ફાંસો ખાઈ આપઘાત



**મુખ્ય સમાચાર, સુરત**

સુરતના નવસારી બજાર વિસ્તારમાં રહેતી ૨૩ વર્ષીય મોડલે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આપવાત પૂર્વે તેણે બે રીલ સોશિયલ મીડિયામાં પોસ્ટ કરી હતી. તેના પરથી એટલું સ્પષ્ટ થયું છે કે, માનસિક તણાવમાં યુવતિએ આ પગલું ભર્યું છે.

મળતી માહિતી પ્રમાણે, સુરતના નવસારી બજાર વિસ્તારમાં આવેલા કાર્તિક એપાર્ટમેન્ટમાં ૨૩ વર્ષીય અંજલિ અલ્પેશભાઈ વરમોરા પરિવાર સાથે રહેતી હતી. પરિવારમાં માતા એક ભાઈ અને એક બહેન છે. અંજલિ મોડલ તરીકે અલગ અલગ કંપનીઓ સાથે કામ કરતી હતી. હાલ છેલ્લા થોડા મહિનાઓથી અંજલિ રેવન્યુ મોડલ કાસ્ટિંગ એજન્સી સાથે કામ કરી રહી હતી. તે દરમિયાન અંજલિએ મોડી રાત્રે બે વાગ્યા આસપાસ પોતાના રૂમમાં પંખા સાથે સાથે દુપટ્ટો બાંધી ગળાફાંસો ખાઈ લીધો હતો. પરિવારજનોને જાણ થતા દરવાજો ખખડાવવા છતાં દરવાજો ન ખોલતા તોડીને પ્રવેશ કરતા અંજલિ લટકતી હાલતમાં મળી આવી હતી. દીકરીના આપઘાતના પગલે પરિવારમાં શોકનો માહોલ છવાઈ જવા પામ્યો છે. આપવાતના એક દિવસ પહેલા મોડેલે તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટમાં બે રીલ પોસ્ટ કરી હતી.

જેમાં બધા જ વયા ગયા હોત તો વાંધો નહોતો પણ, વહાલા હતા ઈ વધા ગયા ને ઈ ખટકે છે ના લખાણ સાથેની રીલ પોસ્ટ કરી હતી. જ્યારે અંતિમ પોસ્ટમાં આજે તે અહેસાસ કરાવી જ દીધો કે હું કંઈજ નથી તારા માટે નું લખાણ લખેલી રીલ પોસ્ટ કરવામાં આવી છે. જે રીક્ષ તેની ઈન્સ્ટાગ્રામ સ્ટોરીમાં પણ મુકવામાં આવી છે. હાલ અઠવાલાઈન પોલીસે બન્ને રીલ્સના આધારે તપાસ શરૂ કરી છે.

# છોટાકાશી હળવદમાં મહાકાળી આશ્રમ ચરાડવાના પૂ. દયાનંદગીરીજી બાપુના સ્મરણાર્થે બ્રહ્મ ચોર્યાશીનું આયોજન કરાયું

### બ્રહ્મ ચોર્યાશીની સાથે ભુપેન્દ્રભાઈ જાની અને વિપુલભાઈ દવેએ હળવદની તમામ ગૌશાળા પાંજરાપોળમાં ૧૫૦૦ ગૌમાતા અને અબોલજીવોને ૬૦૦૦ કિલો (છ ટન)તરબૂચનો પ્રસાદ અર્પણ કર્યો

**મુખ્ય સમાચાર, હળવદ**
**રિપોર્ટઃ રમેશ ઠાકોર**

છોટાકાશી હળવદ મધ્યે આવેલ શ્રી ગાયત્રી માતાજી મંદિર બ્રાહ્મણની ભોજનશાળા ખાતે ભુપેન્દ્રભાઈ જાની અને વિપુલભાઈ દવે ના પરિવાર દ્વારા મહાકાળી આશ્રમ ચરાડવાના પૂજ્ય મહંત શ્રી દયાનંદગિરિજી બાપુના સ્મરણાર્થે બ્રહ્મ ચોર્યાશીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બ્રહ્મ ચોર્યાશીમાં હળવદમાં રહેતા બ્રાહ્મણ - સાધુ - સોમપુરા સમાજના ૧૮૦૦ ઉપરાંત જ્ઞાતિજનો એ હર હર



મહાદેવના નાદ સાથે સમૂહ ભોજન પ્રસાદ ગ્રહણ કર્યો હતો. આ બ્રહ્મ ચોર્યાશીમાં સીતારામ ભજન મંડળ રાજકોટના પૂજ્ય સાધુ સંતોએ ભજન અને સંતવાણી ની આરધના થકી અને શરણેશ્વર વૈદિક પાઠશાળાના ઋષિ કુમારો દ્વારા શાસ્ત્રોક્ત મંત્રોચારના સમૂહ પઠન થકી વાતાવરણ ને ભક્તિમય આધ્યાત્મિક અને ભક્તિમય બની ગયું હતું.

બાપુના સ્મરણાર્થે આ કાળઝાળ ગરમી માં હળવદની ગૌશાળા અને પાંજરાપોળમાં આશ્રય લઈ રહેલ આશરે ૧૫૦૦ગૌમાતા અને અબોલ જીવોને ૬૦૦૦ કિલો (છ ટન) તરબૂચનો પ્રસાદ પીરસવામાં આવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, મહાકાળી આશ્રમના જીવદયા અને પર્યાવરણ પ્રેમી આયુર્વેદાચાર્ય શાસ્ત્ર સિધ્ધ પૂજ્ય શ્રી દયાનંદગિરિજી મહારાજ ૧૩૪ વર્ષની વયે બ્રહ્મલીન થતાં હળવદ પંથક માટે ક્યારેક ન પૂરી શકાય તેવી ખોટ પડી છે, ત્યારે તેમના સેવકો દ્વારા આ ભગીરથ સેવાકીય અને ધાર્મિક કાર્ય થકી પૂજ્ય બાપુને શ્રદ્ધાંજલી પાઠવી હતી.

# આર્મીની ટ્રેનીંગ પૂર્ણ કરી વતન(વાંસોજ) આવતા ચીરાગભાઈ કામળીયાનું મોટી સંખ્યામાં ગ્રામજનોએ સ્વાગત કર્યું

### ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ તેમજ રાજુભાઈ ડાભી વાંસોજ ગામે હાજર રહ્યા

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**

ઉના તાલુકાના વાંસોજ ગામે યુવાનો દ્વારા આટલા વર્ષોમાં પ્રથમ વાર આર્મી ના સન્માનમાં રેલી નું આયોજન કરેલ હતું એહમતપુર માંડવી ચેકપોસ્ટ થી વાંસોજ ભૂતનાથ મહાદેવ મંદિરથી ગામના લીંબડીયા ચોરા તથા કામળિયા પરિવાર ના ચામુંડમાં ના મંદિર સુધી રેલી રાખેલ સાથે સ્ટેજ પ્રોગ્રામ અને જમવાનું આયોજન કરેલ જેમાં બીજલભાઈ સોલંકી(કોળી સમાજના માજી પટેલ) ના સહયોગ થી કોળી સમાજ પટેલ બાબુભાઈ ભીમાંભાઈ વંશ,સોલંકી મોહનભાઈ વાજા રમેશભાઈ,પ્રવીણભાઈ મકવાણા ગોપાલભાઈ કામળીયા,જેવા અનેક યુવાનો ને પ્રોત્સાહન આપી પ્રથમ રેલી નું કાર્ય સફળ બનાવ્યું હતું જેમાં ગામના આગેવાનો અને સરપંચ તેમજ મુખ્ય મહેમાનોમાં માજી સૈનિક ગીર સોમનાથ પ્રમુખ શ્રી કેપ્ટન અશોક સાહેબ તેમજ માજી સૈનિક ઉના તાલુકા પ્રમુખ રાઠોડ નથુ બાપુ તથા માજી સૈનિક સોલંકી ધીરુભાઈ જીવાભાઈ જેઓ વાંસોજ ગામના જ વાતની છે અને



ગામના બાળકોને આગળ લાવવા ખૂબ મોટું યોગદાન આપે છે જેવા આ તમામ મહા અનુભવી મહેમાનો વે હાજરી આપી વાંસોજ ગામ ના લોકોના દીલ જીત્યા અને સમર્પણ કાર્ય સફળ બનાવી વાંસોજ ગામના લોકોને (ગામડાની કહેવતમાં) કેહવાય તેમ એક શિલો(રસ્તો) પાડ્યો જેથી દેશ માટે યુવાનો ને જાગૃતિ આવે અને આવનારી પેઢી પણ આ રસ્તે ચાલે.





### ચલો સ્કૂલ ચલે...

# આજથી શાળાઓમાં નવા શૈક્ષણિક વર્ષનો શુભારંભ

## ગુજરાતની ૫૪ હજાર શાળાઓમાં પ્રથમ સત્રમાં ૧૦૫- બીજા સત્રમાં ૧૪૪ દિવસનું શિક્ષણકાર્ય છેલ્લી ઘડીએ પાઠયપુસ્તકો, ડ્રેસ, નોટબુક ખરીદવાઃ વાલી-છાત્રોની ભીડ

રાજકોટ તા.૯ છેલ્લા એક માસથી સૂમસામ ભાસતા ગુજરાત રાજયના શૈક્ષણીક સંકુલો આજ સવારથી જ વિદ્યાથી ઓના કલવરથી ગુંજી ઉઠયા છે.૩૫ દિવસના ઉનાળુ વેકેશનની રજાની ભરપુર મજા માણ્યા બાદ આજથી ગુજરાત રાજયની તમામ પ્રાથમિક-માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક કક્ષાની ૫૪ હજારથી વધુ શાળાઓના ૧ કરોડ ૨૦ લાખથી વધુ વિદ્યાર્થીઓના નવા શૈક્ષણીક વર્ષનો શુભારંભ થયો છે.

આજ સવારથી વિદ્યાર્થીઓમાં નવા શૈક્ષણિક વર્ષમાં અભ્યાસ માટે ઉત્સાહ ઉમંગ જોવા મળ્યો હતો. રાજમાર્ગો પર વિદ્યાર્થીઓની અવરજવર સ્કુલ બસ, સ્કુલવાનથી થોડીવાર ટ્રાફીક જામના દર્શયો સર્જાયા હતા.

ઉનાળુ વેકેશન ખુલતા પૂર્વે વાલીઓ વિદ્યાર્થીઓની સ્ટેશનરી-યુનિફોર્મની દુકાનોમાં ભારે ભીડ જોવા મળી હતી. દરવર્ષની જેમ આ વર્ષ પણ ધો.૧ થી ૧૦ ના પુરતા પ્રમાણમાં પાઠયપુસ્તકો ન મળતા વાલી-વિદ્યાર્થીઓ એક જગ્યાએથી બીજી જગ્યાએ દોડધામ કરતા હતા. મોટાભાગે વિદ્યાથીઓને તેના શૈક્ષણીક વર્ષના તમામ પુસ્તકો ભાગ્યે જ મળ્યા છે. અધુરો સેટ લઈને કાર્ય ચલાવી રહયા છે.

૨૦૨૫-૨૬નાવર્ષમાં પ્રથમ શૈક્ષણીક સત્ર માટે ૧૦૫ દિવસ અને બીજા સત્રમાં ૧૪૪ દિવસ શિક્ષણકાર્ય માટે ફાળવ્યા છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણબોર્ડ સંલગ્ન શાળઓમાં તા.૫ મે થી તા.૮ જુન સુધી વેકેશન રહયું.

શિક્ષણબોર્ડના કેલેન્ડર પ્રમાણે નવા વર્ષનું પ્રથમ સત્ર તા.૯-૬-૨૫ થી તા.૧૫-૧૦-૨૫ સુધી ચાલશે. તા.૧૬- ૨૦૨૫થી તા.૫-૧૧-૨૫ સુધી ૨૧ દિવસનું દીવાળી વેકેશન આપવામાં આવશે તા.૬-૧૧-૨૫થી ૧૪૪ બીજા શૈક્ષણીક સત્રનો પ્રારંભ થશે.જે તા.૩-૫-૨૬ સુધી ચાલશે. તા.૪-૫-૨૬ થી ૩૫ દિવાળીનું વેકેશન આપવામાં આવશે.






તસવીર : આનંદ જાવીયા

# ન્યુ કેદારનાથ સોસાયટીમાં અશાંતધારાનું ચુસ્તપણે પાલન કરાવવા અંગે કલેકટરને રજૂઆત

### કોઠારીયા રોડ પરની આ સોસાયટીમાં દલાલો મારફતે વિધર્મી શખ્સો ગેરકાયદે મકાન ખરીદતા હવાનો સોસાયટીના રહેવાસીઓનો આક્ષેપ



તસવીર : આનંદ જાવીયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના કોઠારીયા રોડ પર આવેલી ન્યુ કેદારનાથ સોસાયટીમાં અશાંતધારો હોવા છતાં દલાલો મારફતે વિધર્મી શખ્સો મકન ખરીદ કરતા લત્તાવાસીઓમાં રોષ જોવા મળી રહ્યો છે. જેના પગલે રાજકોટ જિલ્લા કલેકટરને ન્યુ કેદારનાથ સોસાયટીના રહેવાસીઓ દ્વારા અવેદનપત્ર પાઠવી અશાંતધારાનું ચુસ્ત પણે પાલન કરાવવા અંગે માંગ કરવામાં આવી છે.

કોઠારીયા રોડ પર આવેલી ન્યુ કેદારનાથ સોસાયટીના રહેવાસીઓ આજે જીલ્લા કલેકટરને આવેદન પત્ર પાઠવી જણાવ્યું હતું કે, રાજકોટ શહેરના વોર્ડ નં.૧૬ના કોઠારીયા રોડ પરની ઘણીબધી સોસાયટીઓમાં અશાંતધારો લાગુ કરવામાં આવ્યો છે. પરંતુ કાયદાનું પાલન થતુ ન હોય અને છેલ્લા ઘણા સમયથી ન્યુ કેદારનાથ સોસાયટીમાં વિધર્મીઓ દ્વારા મકાન ખરીદ કરવામાં આવે છે જે અંગે ફરિયાદ સોસાયટીના રહેવાસીઓ દ્વારા ભકિતનગર પોલીસ સ્ટેશનમાં પણ કરવામાં આવી છે અને પોલીસ દ્વારા પણ સરાહનીય કામગીરી કરવામાં આવી છે તેમ છતાં જમીન મકાન લે-વેચના દલાલો (એજન્ટો) દ્વારા હજુ પણ મકાનોનું વેંચાણ કરવામાં આવે છે અને ન્યુ કેદારનાથ સોસાયટી તથા ન્યુ સાગર સોસાયટીની વચ્ચે આવતા ૪૦ ફૂટ રોડ પર પાંચ થી છ મકાનનું સોસાયટીના રહીસોને ગેરમાર્ગે દોરી વેચાણ કરેલ છે. આ મામલે સમગ્ર સોસાયટીના રહીસોની માંગણીને ઘ્યાને લઈ મકાનના વેંચાણ કરાર રદ કરવામાં આવે તેવી માંગ ન્યુ કેદારનાથ સોસાયટીના રહેવાસી દ્વારા કરવામાં આવી છે.

# અરે આ... ભુલકાઓ માટે જયુબેલીનો બગીચો છે કે કપડા સુકવવાનો અડ્ડો



તસવીર : આનંદ જાવીયા

રાજકોટ શહેરમાં નાના ભુલકાઓ માટે અનેક સ્થળોએ મહાનગરપાલિકા દ્વારા બગીચા બનાવવામાં આવ્યા છે. પરંતુ તંત્ર વાહકોની ઘોર બેદરકારી અને સત્તાધીશોની આળસના કારણે ભુલકાઓને રમવા માટે બનાવવામાં આવેલ બગીચા બિસમાર હાલતમાં તબદીલ થયા છે. પરંતુ રીનોવેશન નહીં કરી તંત્ર વાહકો ભુલકાઓ સાથે અન્યાય તો કરી રહ્યા છે પરંતુ આ બગીચાઓની દેખરેખ ન રાખતા હોવાથી પડયા પાથર્યા રહેતા લોકો માટે કપડા સુકવવાનો અડ્ડો બની ગયો હોય એવું આ તસ્વીરમાં નજરે પડી રહ્યું છે.

# શાપર પોલીસ મથકમાં દંપતીએ ધમાલ મચાવી મહિલા એએસઆઇને ધક્કો મારતા હાથે ઈજા

### તમે મને ઓળખતા નથી હું મનિષા સોલંકી છું તમારા બધાના પટ્ટા ઉતરાવી નાખીશદંપતી સામે ફરજ રૂકાવટનો ગુનો નોંધી સકંજામાં લીધું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શાપર પોલીસ મથકમાં ગઈરાત્રીના દંપતિએ ધમાલ મચાવી તમારા બધાના પટ્ટા ઉતરાવી નાખીશ કહી ધમકી આપી ફરજ પરના મહિલા એએસઆઈને ધકકો મારતા હાથે ઈજા પહોંચી હતી. પોલીસે દંપતિ સામે એએસઆઈની ફરિયાદ પરથી ફરજ રૂકાવટનો ગુનો નોંધી બન્ને સકંજામાં લીધા હતા.

શાપર પોલીસ સ્ટેશનમાં અના.એએસઆઈ બ.નં ૩૬૮ તરીકે ફરજ બજાવતા દિશાબેન મહેશભાઈ જોશીએ વેરાવળ ગામે રહેતા મનિષા વિપુલ સોલંકી, તેના પતિ વિપુલ સામે નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે રાત્રીના પીએસઓમાં ફરજ પર હતી ત્યારે એક મહિલા પોલીસ સ્ટેશનના ગ્રાઉન્ડમાંથી ઉચા અવાજે બોલતી હતી.બાદ ટેબલ પાસે આવી કહ્યું કે મારા પતિ વિપુલને કયો પોલીસ વાળો હતો

કે જેને વિપુલને પોલીસ સ્ટેશનમાં લઈ આવ્યો હતો કોઈ પોલીસ વાળાની હિંમત નથી કે તેને પોલીસ સ્ટેશને લઈ આવે કહી ધમાલ મચાવી હતી.બાદ અન્ય સ્ટાફ કર્મીઓ આવી જતા કહ્યું કે તમે મને ઓળખતા નથી હું મનિષા સોલંકી છું મારા માણસો ભેગા કરીને તમારા વિરૂધ્ધ ખોટી રજૂઆતો કરીને તમામના પટ્ટા ઉતારાવી નાખીશ દરમ્યાન તેનો પતિ પણ પોલીસ સ્ટેશનમાં આવી એલફેલ બોલી ગેરવર્તન કરવા લાગેલ હતો બાદ મનિષાએ મારી સાથે હાથાપાઈ કરી ધકક્કો મારી પછાડી દેતાં હાથે ઈજા પહોંચી હતી. આમ ઉપરોકત દંપતિએ પોલીસ સ્ટેશનમાં આવી ધમાલ મચાવી ફરજ પરના કર્મીઓ સાથે હાથાપાઈ કરી ફરજમાં રૂકાવટ કરી હોવાની ફરિયાદ નોંધાવતા એએસઆઈ બી.સી.સોલંકીએ ગુનો નોંધી બન્ને સકંજામાં લીધા હતા.

# રાજકોટમાં અગ્નિસામક સાધનોના ગેરકાયદે વેચાણ કરનાર નંદન ફાયર પ્રોટેકશનનો જથ્થો જપ્ત કરતું ભારતીય માનક બ્યુરો


**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ ભારતીય માનક બ્યુરોની ટીમ દ્વારા લાઈસન્સ વિના માર્કવાળા અગ્નિ સુરક્ષા ઉપકરણોનું ગેરકાયદેસર ઉત્પાદન કરતા નંદન ફાયર પ્રોટેક્શનમાંથી મોટી માત્રામાં વસ્તુઓ જપ્ત કરવામાં આવી છે.

રાજકોટ ભારતીય માનક બ્યુરોનાં અધિકારીઓએ નિયમનકારી ધોરણોનું ગંભીર ઉલ્લંઘન કરનાર નંદન ફાયર પ્રોટેક્શન ખાતે દરોડો પાડ્યો હતો. આ દરમિયાન અગ્નિસામક સાધનોના ઉત્પાદનમાં ગેરકાયદે માનક ચિન્હોનો ઉપયોગ કરાતો હોવાનું જણાયું હતું.

જેથી અગ્નિ સુરક્ષા ઉપકરણોના ગેરકાયદેસર ઉત્પાદન માટે શોધ અને જપ્તીની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

રાજકોટ બ્રાન્ચના સત્યેન્દ્ર કુમાર પાંડે, રાહુલ રાજપૂત અને શુભમની




ટીમ દ્વારા આ કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં ટીમે મોટી માત્રામાં બિન-અનુપાલનકારી અગ્નિ સલામતી ઉત્પાદનો ઓળખી કાઢીને સીલ કર્યા હતા. તેમજ લેન્ડિંગ વાલ્વના ૪૯ યુનિટ, નોઝલ સાથે બ્રાન્ચ પાઈપના ૧૦૦ યુનિટ, ૧૭૨ થર્મોપ્લાસ્ટિક હોઝ રીલ્સને જપ્ત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# સૂયકાંત હોટેલના સંચાલક સહિત બે સામે કામે રાખેલા માણસોની નોંધ ન કરાવતા ગુનો દાખલ

### એસઓજીના સર્ચ ઓપરેશન દરમિયાન સફળ દરોડા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના તમામ પ્રાઈવેટ સેકટરોમાં કામ કરતા મજુરો, કારીગરો,નોકર, ડ્રાઈવર,વોચમેન સહિતનાની સંપૂર્ણ માહિતી કામે રાખતા માલિકે પોતાનો ફોટો, ઘરનું સરનામું ધરાવતો ફોટો, આઈકાર્ડ, મોબાઈલ નંબરની વિગત સાથે નજીકના પોલીસ મથકમાં નોંધ કરાવવા પોલીસ કમિશનરે જાહેરનામું પ્રસિધ્ધ કરેલ હોય જે અમલવારી કરાવવા એસઓજી પીઆઈ એસ.એમ.જાડેજાની સુચના અન્વયે સ્ટાફ પેટ્રોલીંગમાં હતો ત્યારે સૂયંકાત હોટેલ સંચાલક તથા શ્રી રામ ચાઈનીઝ એન્ડ પંજાબી રેસ્ટોરેન્ટના સંચાલકે પોતાને ત્યાં કામ કરતા કારીગરોની પોલીસ સ્ટેશનમાં નોંધ ન કરાવી પોલીસ કમિશ્નરના જાહેરનામાંનો ભંગ કર્યો હોવાથી એ ડીવીઝન પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

એસઓજીમાં હેડ કોન્સટેબલ તરીકે બજાવતા અમિતકુમાર ખિમજીભાઈ ટુંડિયાએ એડીવીઝન પોલીસ મથકમાં હેમુગઢવી હોલ પાછળ સર્વોદય સોસાયટીમાં રહેતા અને ગોંડલ રોડ પર સૂર્યકાંત હોટેલ ધરાવતા સંચાલક ભુપત રામસિંહ તલાટીયા, તથા પુજારા પ્લોટ શેરી નં ૧માં રહેતા લોધાવાડ ચોકથી આગળ શ્રી રામ ચાઈનીઝ એન્ડ પંજાબી રેસ્ટોરેન્ટ ધરાવતા જગદીશ જયંતિભાઈ બગડાઈ સામે નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે ઉપરોકત બન્નેએ પોતાની હોટેલ પર માસિક ૧૦ હજારના પગાર પર કારીગર, વેઈટર રાખી સીટીઝન પોર્ટલ તથા સીટીજન ફસ્ટ એન્ડ્રોઈડ એપ્લિકેશન તેમજ નજીકના પોલીસ મથકમાં કોઈ નોંધ ન કરાવી પોલીસ કમિશનરના જાહેરનામાંનો ભંગ કર્યાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# ઉપલેટામાં ૧ લાખથી વધુના વિદેશી દારૂ સાથે બુટલેગર ઝડપાયો





## ગોંડલમાં યુવાન આપઘાત કરે તે પુર્વે પોલીસે બચાવ્યો: બે વ્યાજખોરોની ધરપકડ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ઉપલેટાના રહેણાંક મકાનમાં સ્થાનિક પોલીસને ઉંઘતી રાખી ગ્રામ્ય એલસીબી ટીમે દરોડો પાડી રૂ.૧ લાખથી વધુના વિદેશી દારૂના જથ્થા સાથે બુટલેગરને દબોચી લઇ વધુ તપાસ શરૂ કરી છે. જયારે અન્ય એક બનાવમાં સોશિયલ મીડિયા દ્વારા વોટ્સઅપમાં વીડિયો વાઇરલ કરી સુસાયટનોટ લખી વ્યાજખોરોના ત્રાસથી મરવા મજબુર થયેલ માણસને ગોંડલ પોલીસે જીવ બચાવી બે વ્યાજખોરો સામે ગુન્હો નોંધી ધરપકડ કરી છે.

આ અંગેની મળતી માહિતી મુજબ ગ્રામ્ય એલસીબી ટીમના પીઆઇ વી.વી.ઓડેદરાની સુચનાથી પીએસઆઇ એસ.સી.ગોહિલ, એએસઆઇ શકિતસિંહ, હેડ કોન્સ. કૌશિક ભાઇ તથા અરવિંદભાઇ તથા વિજયસિંહ સહિતનો સ્ટાફ ઉપલેટામાં પ્રેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમીના આધારે કૃષ્ણ કેક ઓઇલ મીલ રોડ પર વિજયનગર સોસાયટીમાં રહેતો દિપ ઉર્ફે ટીલીયો કિરીટ રાઠોડ નામના બુટલેગરના રહેણાંક મકાનમાં દરોડો પાડતા રૂ.૧ લાખથી વધુનો વિદેશી દારૂનો જથ્થો મળી આવતા પોલીસે બુટલેગરની ધરપકડ કરી છે.

જયારે અન્ય એક બનાવમાં જીલ્લા પોલીસ અધિક્ષક હિમકરસિંહની સુચનાથી ગ્રામ્ય વિસ્તારમાં વ્યાજખોરોના ચુંગલમાંથી મુકત કરાવવા અંગેની સુચના આપેલ હોય જેના પગલે રિબડા રેલ્વે સ્ટેશનની બાજુમાં ગુંદાસરા ગામની બાજુમાં ગોલ્ડન સિટીમાં રહેતો રાકેશ કિરીટભાઇ ઓઝા નામનો યુવાન સોશિયલ મીડિયામાં વીડિયો વાઇલર કરી સુસાયટ નોટ લખી વ્યાજખોરોના ત્રાસથી કંટાળી પોતાની જીંદગી ટુંકાવવા મજબુર થયેલ હોય અને આ વાયરલ વીડિયોના આધારે ગોંડલ તાલુકા પોલીસ સ્ટેશનના પીઆઇ એ.ડી.પરમારની સુચનાથી મરવા મજબુર થયેલ માણસની શોધી કાઢવા ટીમ બનાવી યુવાનને શોધી તેની પુછપરછ કરતા સાડા ચાર વર્ષ પહેલા દવાખાના કામથી પૈસાની જરૂરીયાત ઉભી થયેલ હોય અને ચીરાગ ધોડાસરા જે શાપર વેરાવળના છે તેની પાસેથી બે લાખ લીધા હતા અને મારે ૩૦ ટકા જેટલુ ઉંચુ વ્યાજ સુચવવાનું નક્કિ થયેલ હોય તેમજ ચારેક વર્ષ પહેલા રાજકોટના શકિતસિંહ ચાવડા પાસેથી એક લાખ રૂપિયા ૫ ટકાના ઉંચા વ્યાજે લીધા હતા એક વર્ષ પહેલા કેતન ઉર્ફે લાલો મહેતા રહે. ગુંદાસરા ગામ પાસેથી ૧૦ ટકાના ઉંચા વ્યાજે ૪૦ હજાર લીધા હોય આમ યુવાન વ્યાજના વિશચંક્રમાં ફસાઇ જતા મોબાઇલથી વાયરલ કર્યુ હતું કે હું દવા પીને મરી જાવ છું અને મારા મરવા પાછળ લોકો જવાબદાર છે તેના નામ વીડિયોમાં વાયરલ કર્યા હતા. પોલીસે બનાવની ગંભીરતાને ધ્યાને લઇ રાજકોટના ઓમ નગર સર્કલ પાસે રહેતો શકિતસિંહ હરીસિંહ ચાવડા અને ગુંદાસરા ગામનો કેતન ઉર્ફે લાલો કિરીટ મહેતા નામના બે વ્યાજખોરોની ધરપકડ કરી અન્ય શખ્સોની શોધખોળ શરૂ કરી છે.

# યુનિવર્સિટી રોડ પર રોયલ પાર્કમાં અર્ટીકા કારમાં ૧.૫૩ લાખનો દારૂ સાથે ચાલક ઝડપાયો

### ક્રાઇમ બ્રાંચની ટીમે કાર સહિત રૂ.૯.૫૪ લાખનો મુદ્દામાલ કબ્જે કરી સુરેન્દ્રનગરના સપ્લાયરની શોધખોળ આદરી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં વિદેશી દારૂનું વેંચાણ કરતા બુટલેગરોને નાથવા પોલીસ દ્વારા અલગ-અલગ ટીમો બનાવી શહેરમાં વાહન ચેકિંગ અને પેટ્રોલિંગ સઘન બનાવ્યું છે ત્યારે ક્રાઇમ બ્રાંચની ટીમે યુનિવર્સિટી રોડ પર આવેલા રોયલ પાર્કમાં અર્ટીકા કારમાં ૧.૫૩ લાખના વિદેશી દારૂ સાથે ચાલકની ધરપકડ કરી દારૂનો જથ્થો સપ્લાય કરનાર સુરેન્દ્રનગરના શખ્સની શોધખોળ શરૂ કરી છે.

આ અંગેની મળતી વિગતો મુજબ, ક્રાઇમ બ્રાંચના પીઆઇ એ મ. આ ર. ગોં ડ લી યા, એમ.એલ.ડામર, સી.એસ.જાદવની સુચનાથી એએસઆઇ ચેતનસિંહ, હેડ કોન્સ. દિપકભાઇ, કનકસિંહ સહિતનો સ્ટાફ શહેરી વિસ્તારમાં વાહનચોરી, ઘરફોડ ચોરી, ચીલઝડપ, લુંટ વગેરે વણઉકેલ ગુન્હાઓના આરોપીઓને શોધવા વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમી મળી હતી કે, ગુરૂજી આવાસના કવાર્ટરમાં સાધુવાસવાણી રોડ પર રહેતો સુનિલ ઉર્ફે ભોલો સંતોષ દુબે નામનો અર્ટીકાનો ચાલક દારૂનો જથ્થો લઇ યુનિવર્સિટી રોડ પરથી નિકળવાનો હોવાની હકિકતના આધારે પોલીસે વોચ ગોઠવી હતી તે દરમ્યાન અર્ટીકા કાર નંબર જીજે૦૩એમઆર૬૦૬૭ નંબરની લઇ નીકળતા ક્રાઇમ બ્રાંચની ટીમે રોયલ પાર્ક પાસે દબોચી લીધો હતો. પોલીસે કારની તલાસી લેતા વિદેશી દારૂની અલગ-અલગ બ્રાન્ડની ૧૨૦ બોટલ કિંમત રૂ.૧.૫૩ લાખનો જથ્થો મળી આવતા પોલીસે કાર સહિત રૂ.૯.૫૪ લાખનો મુદ્દામાલ કબ્જે કરી ચાલક સુનિલ ઉર્ફે ભોલો દુબેની ધરપકડ કરી સઘન પુછપરછ કરતા દારૂનો જથ્થો સુરેન્દ્રનગરના જગદીશ ઉર્ફે જગો રબારીએ સપ્લાય કર્યાની કબુલાત આપતા પોલીસે બુટલેગરની શોધખોળ શરૂ કરી છે.

# ટ્રાન્સપાર્ટના ધંધાર્થી પર સાત શખ્સોનો હિચકારો હુમલો



### લેટર પેડ આપવાની ના પાડતા પિતા-પુત્રો તૂટી પડયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં જુના માર્કેટ યાર્ડ પાસે આવેલા ટ્રાન્સપોર્ટ નગરમાં ટ્રાન્સપોર્ટના ધંધાર્થી પિતા-પુત્ર પાસે ૭ જેટલા શખ્સોએ લેટર પેડ માંગ્યો હતો. લેટર પેડ આપવાની ના પાડતાં ટ્રાન્સપોર્ટના ધંધાર્થી પિતા-પુત્ર ઉપર સાતેય શખ્સો છરી, ધોકા વડે તુટી પડયા હતાં. હુમલામાં ઘવાયેલા પિતા-પુત્રને ઈજા પહોંચતાં સારવાર માટે ખસેડાયા હતાં. આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ, રૈયા રોડ પર રહેતા અને જુના માર્કેટ યાર્ડ પાસે ટ્રાન્સપોર્ટનગરમાં પુનમ રોડવેઝ નામે ટ્રાન્સપોર્ટનો ધંધો કરતાં મગનભાઈ હરજીભાઈ ધોળકીયા (ઉ.૬૦), તેના પુત્ર નયન મગનભાઈ ધોળકીયા (ઉ.૩૨) અને સુનિલ મગનભાઈ ધોળકીયા રાત્રિનાં આઠેક વાગ્યાના અરસામાં પોતાની ઓફિસે હતા ત્યારે યોગીરાજ દરબાર, ઋષિરાજ જાડેજા અને માધુ પરમાર સહિત સાત શખ્સો ઓફિસે ધસી આવ્યા હતાં અને મગનભાઈ ધોળકીયા પાસે પૂનમ રોડવેઝનો લેટર પેડ માંગ્યો હતો. જે લેટર પેડ આપવાની ના પાડતાં ધસી આવેલા શખ્સોએ છરી, ધોકા વડે હુમલો કર્યો હતો. હુમલામાં ઘવાયેલા નયન ધોળકીયાના બન્ને પગ ભાગી ગયા હતાં. ઈજાગ્રસ્ત પિતા-પુત્રને સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતાં. પ્રાથમિક તપાસમાં હુમલાખોર યોગી દરબાર પૂનમ રોડવેઝની બાજુની ઓફિસમાં જ સોનલ કૃપા એન્ટરપ્રાઈઝ નામે ઓફિસ ધરાવતો હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# શ્રીનગરમાં લૂંટ ચલાવી વૃદ્ધની હત્યા કરનાર પ્રેમી પંખીડાને દબોચી લેતી ક્રાઈમ બ્રાન્ચ

### વૃદ્ધની હત્યા નિપજાવી તેના ઘરે સ્નાન કરી કપડા બદલી ફરાર થયાતા પોલીસે ઘરેણા, વાહન સહિત રૂ.૭.૫૫ લાખનો મુદામાલ રીકવર કર્યો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભક્તિનગર સર્કલ પાસે આવેલ વાલકેશ્વર સોસાયટી મેઈન રોડ ઉપર શ્રીનગરમાં એકલવાયું જીવન જીવતા વૃદ્ધની ઘાતકી હત્યા કરી દાગીના લુંટી લેવાની ઘટનાનો ક્રાઈમ બ્રાંચે ૨૪ કલાકમાં જ ભેદ ઉકેલી નાખ્યો છે. પ્રેમી-પંખીડાને પૈસાની જરૂરીયાત થતા વૃધ્ધની તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી બાદ બન્નેએ તેના ઘરે ન્હાઈ કપડા બદલાવી વૃધ્ધે પહેરેલા ઘરેણા ઉતારી લઈ ફરાર થઈ જતા પોલીસે વડોદરાથી દબોચી લઈ રૂ.૭.૫૫ લાખનો મુદામાલ કબજે કર્યો હતો.

આ અંગે ની જાણવા મળતી માહિતી મુજબ શ્રીનગરમાં રહેતા બરકતઅલી ગુલામહુશેન લાખાણી ઉ.૭૦ની તેના જ ઘરમાંથી ગળું કાપી હત્યા કરી દાગીના, ઘડિયાળ લુંટી લીધાની ઘટના પોલીસ ચોપડે નોંધાઈ હતી આ ઘટનામાં મૃતકના ભાઈએ ફરિયાદ નોંધાવી હતી ભક્તિનગર પીઆઈ એમ એમ સરવૈયા અને ટીમે રાત્રે મૃતદેહ હોસ્પીટલે ખસેડી ફોરેન્સિક પીએમ કરાવતા વૃદ્ધ એકલા જ રહેતા હોય તેની ગઈકાલે બપોરે સાડા ચારથી સાત વાગ્યા દરમિયાન હત્યા થઇ હોવાનું જાણવા મળ્યું છે હત્યાનો ભેદ ઉકેલવા ડીસીપી જગદીશ બાંગરવાની રાહબરી હેઠળ ડીસીબી પીઆઈ એમ એલ ડામોર, સહિતની ટીમો દ્વારા સીસીટીવી આધારે તપાસ હાથ ધરવામાં આવી છે દરમિયાન ક્રાઈમ બ્રાંચની ટીમને મળેલી સચોટ માહિતી આધારે ઉપરોક્ત ગુનાને અંજામ આપનાર પ્રેમી પંખીડા વડોદરા તરફ ભાગી ગયા હોવાનું જાણવા મળતા તુરંત એક ટીમ દોડાવી હતી અને બંનેને દબોચી લીધા હતા પોલીસ મોડી રાત્રે કિશન માનસીંગભાઈ વાઢેર, સ્નેહબા પ્રતાપસિંહ ગોહીલ બન્ને લઈ રાજકોટ પહોંચી આકરી ઢબે પુછતાછ કરતા તેણે કબુલ્યું હતું કે તેણી અગાઉ ગોલ્ડ લોનમાં નોકરી કરતી ત્યાંથી વૃધ્ધ સાથે પરિચીત હતી તેમજ તેના ઘરે પણ જઈ આવી છે. જેથી તેણીને જાણ હતી કે વૃધ્ધ એકલા રહે છે. ખાધે-પીધે સુખી સંપન્ન છે. જેથી પ્રેમીની મદદથી વૃધ્ધના ઘરે જઈ તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી ઢીમ ઢાળી દીધા બાદ બન્નેએ તેના જ ઘરમાં ન્હાઈ કપડા બદલાવી નાખ્યા હતા. બાદ વૃધ્ધે પહેરેલ સોના ઘરેણા આર્થિક ભીંસ હોવાથી લૂંટી ફરાર થઈ ગયાની કબુલાત આપતા પોલીસે રૂ.૭.૫૫ લાખનો મુદામાલ કબજે કરી ગુનાનો ભેદ ઉકેલી નાખ્યો છે.

# કોઠારીયા રીંગ રોડ પરથી શ્રમિક પરિવારની ૧૩ વર્ષની સગીરાનું અપહરણ

### ભગાડી જનાર યુપીના વિરૂધ્ધ પોલીસે ગુનો નોંધ્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના કોઠારીયા રિંગ રોડ પર કારખાનામાં કામ કરી ત્યાં જ રહેતાં યુપીના પરિવારની ૧૩ વર્ષની દિકરીનું અપહરણ થઈ જતાં આજીડેમ પોલીસે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.

પોલીસે બાળકીના પિતાની ફરિયાદ પરથી લીલાવતી પાર્ટી પ્લોટ સામે, કોઠારીયા રેલ્વેબ્રીજ અમદાવાદ હાઈવે ગોંડલ રોડ રાજકોટ ખાતે આવેલ સેલન પમ્પ એન્ડ મોટર્સ નામના કારખાનામાં કામ કરતો છોટુકુમાર રાજેન્દ્ર પાસવાન કે જેનું મુળ ગામ સલીના થાના-રજોન જી.બાકા (બિહાર) છે તેના ઉપર શંકાના આધારે ગુનો નોંધ્યો છે.


અપહૃત સગીરાના પિતાએ જણાવ્યું છે કે હું કોઠારીયા રીંગ રોડ, પર ગ્રીનટેક પોલી પ્લાસ્ટ નામના કારખાનામાં મજુરી કામ કરી ત્યાંજ રહુ છુ. મારે સંતાનમાં બે દિકરી છે જેમાં સૌથી મોટી.૧૩ વર્ષની છે. હું છેલ્લા દશેક વર્ષથી રાજકોટ ખાતે રહું છું.

ગઈ તા.૧૧/૦૫/૨૦૨૫ ના રોજ રાત્રીના આશરે દશેક વાગ્યે અમો ઘરના સભ્યો વાળુપાણી કરીને સુઈ ગયેલ હતા. મારી ૧૩ વર્ષની દિકરી તથા મારી પત્ની તથા નાની દિકરી અંદર રૂમમાં સુતા હતા અને હું રૂમની બહાર સુતો હતો આ દરમ્યાન રાત્રીના આશરે એક વાગ્યે હું જાગેલો અને જોયેલ તો મારી તેર વર્ષની દિકરી અંદર રૂમમાં ન હતી જેથી મેં મારી પત્નીને જગાડીને વાત કરેલી અને આ પછી અમોએ મારી દિકરીની આજુબાજુમાં તપાસ કરેલી પરંતુ મળી આવેલ નહી.

મારી દીકરી બાબતે તપાસ કરતા જાણવા મળેલું કે અમારા કારખાનાની નજીકમાં આવેલ પ્લોટ નંબર-૭ ખાતે આવેલ સેલન પમ્પ એન્ડ મોટર્સ નામના કારખાનામાં કામ કરતો છોટુકુમાર રાજેન્દ્ર પાસવાન કે જેનું મુળ ગામ સલૌના થાના-રજોન જી. બાકા (બિહાર) છે તે તેણીને ભગાડી ગયો છે. આજીડેમ પોલીસ મથકના પીઆઈ એ.બી. જાડેજાની રાહબરીમાં પીએસઆઈ પી.એચ. પઢેરિયાએ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# લીમડા ચોકમાં કારે ઓવર સ્પીડે મોપેડને ઉલાળતા વૃદ્ધનું મોત

### અકસ્માત સર્જી કાર ચાલક કાર મુકી ફરાર સેન્ટ્રીંગ કામે જતા વૃદ્ધને નડ્યો અકસ્માત, પુત્રીઓનું આક્રંદ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

લિમડાચોક નજીક મોપેડ લઈને જઈ રહેલા ૬૫ વર્ષીય વૃદ્ધ હિટ એન્ડ રનનો ભોગ બન્યા છે. જેમાં પુરપાટ ઝડપે ધસી આવેલી એક કારે - મોપેડને ઠોકરે ચડાવતા તેમાં સવાર વૃદ્ધ દૂર સુધી ફંગોળાયા હતાં જેનું ગંભીર ઈજાઓ થવાથી ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું. અકસ્માત બાદ કાર ચાલક કાર મુકી પલાયન થઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં પોલીસ કાફલો સ્થળ પર પહોંચ્યો હતો. બાદમાં મૃતદેહને હોસ્પિટલે ખસેડી પરિવારજનોને જાણ કરાતા તેઓ હોસ્પિટલે દોડી આવ્યા હતાં. જ્યાં તેમની પુત્રીઓએ ભારે આક્રંદ કરતા વાતાવરણમાં ગમગીની છવાઈ ગઈ હતી.

આ અંગેની માહિતી મુજબ મૃતક વૃદ્ધનું નામ મીઠાભાઈ - ધંધુકીયા (ઉંમર ૬૫) છે. તેઓ વહેલી સવારે લીમડા ચોક - પાસેથી પસાર થઈ રહ્યા હતા. ત્યારે એક કારે તેમને જોરદાર ટક્કર મારી હતી. ટક્કર એટલી પ્રચંડ હતી કે મીઠાભાઈ હવામાં ફંગોળાઈને જમીન પર પટકાયા હતા અને તેમને ગંભીર ઈજાઓ થતા તેમનું ઘટનાસ્થળે જ પ્રાણ પંખેરું ઉડી ગયું હતું. આ ઘટના બાદ કારચાલક પલકવારમાં ફરાર થઈ ગયો હતો.

આ ઘટનાની જાણ થતા જ આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા. અને પોલીસને જાણ કરવામાં આવી હતી. રાજકોટ પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને મીઠાભાઈના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સિવિલ હોસ્પિટલ ખસેડયો હતો. પોલીસે અજાણ્યા કારચાલક વિરુદ્ધ હિટ એન્ડ રનનો ગુનો નોંધી, સીસીટીવી ફૂટેજના આધારે આરોપીને ઝડપી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.આ ઘટનાથી મીઠાભાઈના પરિવાર પર આભ તૂટી પડયું છે. તેમની દીકરીઓ પોતાના પિતાના અકાળ અવસાનથી ભાંગી પડી છે. હોસ્પિટલ ખાતે ભેગા થયેલા પરિવારજનો અને ખાસ કરીને દીકરીઓએ હૈયાફાટ રુદન કરતા જણાવ્યું કે, અમારા પિતા કોઈના ભરોસે જીવતા નહોતા. પોતાની જાતે જ જીવન ગુજારતા હતા. આવા સમયે કોઈ બેફામ ગાડી ચલાવીને તેમને મારી નાખે એ કેટલું અસહ્ય છે! આવા વાહનચાલકોને કડકમાં કડક સજા થવી જોઈએ.

# રાજકોટ-અમદાવાદ હાઈ વે પર રોડ ક્રોસ કરતા ફિલરમેનનું અજાણ્યા વાહનની ઠોકરે મોત

### પોલીસે ગુનોં નોંધી સીસીટીવી આધારે શોધખોળ હાથ ધરી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ-અમદાવાદ હાઈવે પર રોડ ક્રોસ કરતા ફિલરમેનને અજાણ્યા વાહન ચાલકે હડફેટે લેતાં મોત નિપજયાનો બનાવ પોલીસ ચોપડે નોંધાયો છે.

બામણબોર રહેતા અને રાજકોટ-અમદાવાદ હાઈ વે પરના પેટ્રોલ પંપમાં ફિલરમેન તરીકે કામ કરતા દિનેશભાઈ વાઘજીભાઈ રોજાસરા ઉ.૪૦ નામના યુવાન રાત્રીના ૯ વાગ્યા આસપાસ ઓપો પુજારાના બોર્ડ પાસેથી રોડ ક્રોસ કરતા હતા ત્યારે કોઈ અજાણ્યા વાહનના ચાલકે યુવાનને હડફેટે લેતાં માથે-શરીરે ગંભીર ઈજા પહોંચી હતી.બનાવના પગલે લોકોના ટોળા એકઠા થયા હતા.ઘટનાની ૧૦૮ને કરતાં ઈએમટી સહિતનો સ્ટાફ દોડી જઈ ઈજાગ્રસ્ત યુવાનને તાકિદે સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડતા ફરજ પરના તબીબે તપાસી મૃત જાહેર કરતા હોસ્પિ.ચોકીના સ્ટાફે નોંધ કરી એરપોર્ટ પોલીસને જાણ કરતા પીએસઆઈ એમ.બી. મિસ્ત્રી સહિતનો સ્ટાફ દોડી જઈ તપાસ હાથ ધરતા મૃતક ત્રણ બહેન અને બેભાઈમાં ચોથા નંબરના હતા.સંતાનમાં બે પુત્રો હોવાનું જાણવા મળ્યું છે. હાલ પોલીસે મૃતકના નાના ભાઈ સંજય રોજાસરાની ફરિયાદ પરથી અજાણ્યા વાહન ચાલક સામે ગુનો નોંધી સીસીટીવી આધારે શોધખોળ શરૂ કરી છે

# રણછોડ નગરના વેપારીનું ૮.૯૮ લાખનું ૯ કિલો ચાંદી લઈ કારીગર ફરાર

### શરૂઆતમાં સમયસર રેણનું કામ કરી આપી વિશ્વાસ કેળવ્યા બાદ ચાંદીની પાયલ લઈ ભાગી ગયો હોવાની ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના સામા કાંઠે પેડક મેઈન રોડ આર્યનગર સોસાયટી તુલસી પાનની સામે શ્યામ મકાન ખાતે રહેતાં અને કુવાડવારોડ લાતી પ્લોટ શેરી નં. ૮/૧૩ના ખુણા પર એચ.પી.પેટ્રોલ પંપની પાસે શ્યામ સિલ્વર ઓર્નામેન્ટ નામની ચાંદીની પેઢી ચલાવતાં રાજેન્દ્રભાઈ હરદાસભાઈ રાંક-પટેલ નામના ૪૧ વર્ષીય વેપારી સાથે યુવરાજનગર વરૂણ કોલ્ડ સ્ટોર પાછળ મફતિય પરા ભગવતી સોસાયટીમાં રહેતાં લાલો રમેશભાઈ મકવાણાએ ૮,૯૮,૫૦૦ની છેતરપિંડી કરતાં ફરિયાદ થઈ છે.

આ અંગે બી ડિવિઝન પોલીસે વેપારી રાજેન્દ્રભાઈની ફરિયાદ પરથી બીએનએસની કલમ ૩૧૬ (૨) મુજબ ગુનો દાખલ કર્યો છે. આરોપી લાલા સાથે ફરિયાદી વેપારીને છેલ્લા

છ મહિનાથી વ્યાપારીક સબંધ હોઈ અને આરોપી અવાર નવાર ફરિયાદી પાસેથી ચાંદીની પાયલ રેણ કરવાના કામ માટે લઈ જતો હોઈ છેઠો આરોપી લાલો ચાંદીના પાયલ રેણ કરવા ચાંદીની સર (રોલ) વજન આશરે ૯.૭૬૩ કિ.ગ્રામ કિ. રૂ.૮.૯૮,૫૦૦ના લઈ ગયા બાદ આજ સુધી પરત ના આપી ભાગી ગયો છે.

વેપારી રાજેન્દ્રભાઈ રાંકએ વધુમાં જણાવ્યું છે કે હું પરિવાર સાથે રહું છું અને લા તી પ્લોટ શેરી નં.૮/૧૩ ના ખુણા પર એચ.પી. પેટ્રોલ પંપની પાસે ‘‘શ્યામ સિલ્વર ઓર્નામેન્ટ’’ નામની ચાંદીની પેઢી ચલાવી વેપાર ધંધો કરું છું. આ પેઢીમાં અમે ચાંદીના દાગીના બનાવું છું જેમાં ચાંદીના સાંકળા, પાયલ, બેંગલ્સ, વિછીયા વિગેરે બનાવીએ છે. આ તમામ વસ્તુઓ અમે ઉતરપ્રદેશ, બિહાર, મધ્યપ્રદેશ વિગેરે રાજ્યોના વેપારીઓને વેંચીએ છીએ. અમારી પેઢીમાં પંદર વ્યક્તિઓ મજુરીકામ કરે છે.

આશરે છ મહિના પહેલા અમારી પેઢીમાં કામ કરતા કર્મચારી વિશાલ ગોહેલએ તેના મામાના દિકરા લાલો રમેશભાઈ મકવાણા સાથે ઓળખાણ કરાવેલ અને વાત કરેલ કે આ લાલો ચાંદીના પાયલનું રેણ (સોલ્ડીંગ) કામ કરે છે તમારે કામ કરાવવાનુ હોય તો લાલાને આપજો. જેથી મેં લાલાને શરૂઆતમાં દસેક કિલો ચાંદીના પાયલ રેણ કરાવવા આપેલ.જે મને સાતેક દિવસમાં કામ કરી પરત કરી દિધેલ અને આવી રીતે તે મારી પાસેથી અવાર-નવાર ચાંદીની પાયલ રેણ કરાવવા લઈ જતો અને સમયસર કામ કરી પાયલો પહોંચાડી આપતો હતો. જેથી અમને તેના પર વિશ્વાસ બેસી ગયેલ હતો.

દરમિયાન ગઈ તા. ૧૩/૦૫/૨૦૨૫ના સવારના આશરે સાડા આઠેક વાગ્યે લાલો અમારી પેઢી ખાતે ચાંદીની પાયલ રેણ કરવા માલ લેવા આવેલ. જેથી અમે તેને ચાંદીની સર (રોલ) વજન આશરે ૯.૭૬૩ કિલોગ્રામના રોલ રેણ કરવા દિધેલ, જે મને પાંચ દિવસમાં કામ કરી પરત કરી આપવાની ખાત્રી આપી હતી. પરંતુ પાંચ દિવસ થઈ ગયા તેમ છતા લાલો અમને પાયલનુ રેશુ કામ કરી પરત આપવા ના આવતા અમે તેને ફોન કરેલ.

પરંતુ તેનો મોબાઈલ સ્વીચ ઓફ હતો જેથી અમે અમારી રીતે તપાસ કરેલ તો જાણવા મળેલ કે આ લાલો તેના ઘરે નથી. જેથી લાલાના ફઈનો દિકરો વિશાલ તેમજ અમે અમારી રીતે આજ સુધી લાલાને શોધતા હતાં પરંતુ એ મળી ના આવાતા અમે આ બાબતે ફરિયાદ કરવાનું નક્કી કર્યું હતું. લાલો કુલ રૂપિયા ૮,૯૮, ૫૦૦ની ચાંદીની પાયલ લઈ ભાગી ગયો છે. આ બનાવની વધુ તપાસ પીઆઈ એસ. એસ. રાણેની રાહબ-રીમાં પો.સબ.ઈન્સ.એ.બી. ચૌધરી ચલાવી રહ્યા છે.

# ચોટીલામાં ચીલઝડપ કરનાર બેલડી રાજકોટ ક્રાઈમ બ્રાંચે ઝડપી લીધી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ચોટીલામાંથી મહિલાના ગળામાંથી સોનાના ચેઈનની ચિલઝડપનો ભેદ રાજકોટ શહેર ક્રાઈમ બ્રાંચે ઉકેલી કુબલીયાપરા ના બે રીઢા શખ્સો ની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. બનાવ અંગે ચોટીલામાં રહેતાં ૩૩ વર્ષીય યુવાન ચિરાગુભાઈ મનહરભાઈ મકાણીએ ફરિયાદ નોંધાવી હતી જેમાં જણાવ્યું હતું કે ગઇ તા.૦૧ના તેમના માતા મધુબેન ચોટીલાના રામચોક પાસે જલારામ કિરાણા સ્ટોરેથી કરીયાણ લઈ પરત ઘરે આવતી હતા ત્યારે સોસાયટીમાં લાલાભાઈ સોનીના બંગલા પાસે પહોચતા હોન્ડા ઉપર આવેલા બે અજાણ્યા બુકાનીધારી શખ્સોએ પીછો કર્યો હતો અને બાઈક પાછળ બેઠેલ અજાણ્યો શખ્સે નીચે ઉતરેલ અને એકદમ નજીક આવી ગળામાં સોનાનો ચેઈન પહેરેલ હતો તે ઝુંટવી ધક્કો મારીને પાડી દેતા મધુબેનને ઈજા થઈ હતી. રૂ.૪૦ હજારની કિંમતનો સોનાનો ચેઇન અજાણ્યાં શખ્સો ચિલઝડપ કરી નાસી છૂટતાં ફરીયાદ નોંધાવી હતી.

ચિલઝડપમાં સંડોવાયેલા કુળલીયાપરાના પ્રેમ વિનોદભાઈ કડેવાર (ઉ.વ.૧૯) અને સાવન જીતુભાઈ રાઠોડ (ઉ.વ.૧૯)ને પકડી લઈ ભેદ ઉકેલી નાખ્યો હતો.



પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી ડો. પાર્થરાજસિંહ ગોહિલ, એસીપી ભરત બસીયાની સુચના અને પીઆઈ એમ. આર. ગોંડલીયા, એમ. એલ. ડામોર તથા સી. એચ. જાદવની રાહબરીમાં પીએસઆઈ એસ.વી.ચુડાસમા, એએસઆઇ વિજયભાઈ સોઢા, હેડકોન્સ. કિશનભાઈ પાંભર, કોન્સ. સંજયભાઈ અલગોતર, કરણભાઈ કોઠીવાર, અનુજભાઈ ડાંગર, પોપટભાઈ ગમારા, મહાવીરસિંહ જાડેજા અને અરવિંદભાઈ ફતેપરાએ આ કામગીરી કરી હતી. ઝડપાયેલામાં સાવન અગાઉ છ ગુનામાં અને પ્રેમ બે ગુનામાં પોલીસ ચોપડે ચડી ચુક્યો હતો.